
અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ મે ૨૦૨૪, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦

વિક્રમ સંવત ૨૦૮૦, વૈશાખ સુદ ૫ | અંક : ૨૮૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886





## ૨૦૨૩માં ધોરણ ૧૦નું ૬૪.૬૨ ટકા પરિણામ આવ્યુ હતું

# ગુજરાત બોર્ડનું ધોરણ-૧૦ની પરીક્ષાનું પરિણામ જાહેર, ૮૨.૫૬ ટકા વિદ્યાર્થી પાસ

### અમદાવાદ ગ્રામ્યના દાલોદ અને ભાવનગરના તલગાજરડાનું ૧૦૦ ટકા પરિણામ : ગીર સોમનાથ જિલ્લાના તડ કેન્દ્રનું સૌથી ઓછું ૪૧.૧૩ ટકા પરિણામ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાત બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ દસની પરીક્ષાનું પરિણામ જાહેર કરી દેવામાં આવ્યું છે, જેમાં રેકોર્ડ ૮૨.૫૬ ટકા સ્ટૂડન્ટ્સ પાસ થયા છે, ૨૦૨૩માં ધોરણ દસની બોર્ડની પરીક્ષામાં પાસ થયેલા વિદ્યાર્થીઓનું પ્રમાણ ૬૪.૬૨ ટકા જ હતું. આ જ સપ્તાહમાં જાહેર કરવામાં આવેલા ધોરણ ૧૨ વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહમાં પણ અનુક્રમે ૮૨.૪૫ અન ૯૧.૯૨ ટકા સ્ટૂડન્ટ્સ પાસ થયા હતા. બોર્ડ દ્વારા પેપર સ્ટાઈલમાં કરવામાં આવેલા ફેરફારો અનુસાર માર્ચ ૨૦૨૪માં લેવાયેલી પરીક્ષામાં દરેક વિષયમાં ૮૦ ટકા વેઈટેજ પરીક્ષાનું જ્યારે ૨૦ ટકા વેઈટેજ સ્કૂલ દ્વારા અપાતા ઈન્ટરનલ માર્ક્સને આપવામાં આવ્યું હતું. ચાલુ વર્ષે ત્રણ વિષયોમાં નાપાસ થયેલા સ્ટૂડન્ટ્સ પણ પૂરક પરીક્ષામાં બેસી શકશે. ૨૦૨૪ની બોર્ડની પરીક્ષામાં અમદાવાદ ગ્રામ્યના દાલોદ અને ભાવનગરના તલગાજરડાનું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે, જ્યારે ગીર સોમનાથ જિલ્લાના તડ કેન્દ્રનું



સૌથી ઓછું ૪૧.૧૩ ટકા પરિણાણ આવ્યું છે. વિષયવાર પરિણામની વાત કરવામાં આવે તો ચાલુ વર્ષે પણ સૌથી વધુ વિકેટો ગણિતમાં જ પડી છે, ૨૦૨૪માં બેસિક મેથ્સમાં ૮૩.૪૦ ટકા સ્ટૂડન્ટ્સ પાસ થઈ શક્યા છે જ્યારે સ્ટાન્ડર્ડ મેથ્સનું રિઝલ્ટ ૯૯.૪૫ ટકા આવ્યું છે. ગણિત બાદ સૌથી ઓછું ૮૮.૩૭ ટકા પરિણામ સાયન્સનું આવ્યું છે, જ્યારે સોશિયલ સાયન્સમાં ૯૧.૮૪ અને ઈંગ્લિશ (સેકન્ડ લેંગ્વેજ)માં ૯૨.૬૨ ટકા સ્ટૂડન્ટ્સ પાસ થયા છે. આ વખતના રિઝલ્ટમાં નોંધવા જેવી વાત એ છે કે ગુજરાતી મીડિયમમાં ઈંગ્લિશ કરતાં ગુજરાતી વિષયમાં નાપાસ થનારા સ્ટૂડન્ટ્સની સંખ્યા વધારે છે. ગુજરાતી ફર્સ્ટ લેંગ્વેજનું પરિણામ આ વખતે ૯૨.૦૯ ટકા આવ્યું છે જ્યારે ગુજરાતી સેકન્ડ લેંગ્વેજનું પરિણામ ૯૪.૫૨ ટકા આવ્યું છે.

બોર્ડ દ્વારા કોઈપણ વિષયમાં ૯૧-૧૦૦ લાવનારા વિદ્યાર્થીને A1, ૮૧-૯૦ માર્ક્સ લાવનારાને A2, ૭૧-૮૦ માર્ક્સ લાવનારાને B1, ૬૧-૭૦ માર્ક્સ લાવનારાને B2, ૫૧-૬૦ માર્ક્સ લાવનારાને C1, ૪૧-૫૦ માર્ક્સ લાવનારાને C2, ૩૩-૪૦ માર્ક્સ માટે D, ૨૧-૩૨ માર્ક્સ માટે E1 જ્યારે ૨૦થી ઓછા માર્ક્સ માટે E2 ગ્રેડ આપવામાં આવે છે. ચાલુ વર્ષે A1 ગ્રેડ લાવનારા સ્ટૂડન્ટ્સની સંખ્યા ૨૩,૨૪૭ જ્યારે છ૨ ગ્રેડ લાવનારા સ્ટૂડન્ટ્સની સંખ્યા ૭૮,૮૯૩ નોંધાઈ છે. જ્યારે પાસ થનારા સ્ટૂડન્ટ્સમાં છોકરાઓનું પ્રમાણ ૭૯.૧૨ અને છોકરીઓનું પ્રમાણ ૮૬.૬૯ ટકા છે. તેવી જ રીતે ગુજરાતી મીડિયમનું પરિણામ આ વખતે ૮૧.૧૭ ટકા અને ઈંગ્લિશ મીડિયમનું રિઝલ્ટ ૯૨.૫૨ ટકા આવ્યું છે. રાજ્યમાં આ વખતે ૧૩૮૯ સ્કૂલો સો ટકા પરિણામ લાવી છે, જ્યારે ૭૦ સ્કૂલોનો એકેય વિદ્યાર્થી દસમા ધોરણમાં પાસ નથી થઈ શક્યો.

## ન્યૂઝ બ્રિફ

### લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં ૬૫.૬૮% મતદાન

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૧।

લોકસભાની ચૂંટણી માટે ત્રણ તબક્કાનું મતદાન થઈ ચૂક્યું છે. હવે આગામી ૧૩ મેના રોજ ચોથા તબક્કાની ચૂંટણી યોજાશે. ત્યારે આ પહેલા શનિવારે ચૂંટણી પંચે ત્રીજા તબક્કાની ચૂંટણી માટે મતદાનના આંકડા જાહેર કર્યા છે. જેમાં સામે આવ્યું છે કે ચૂંટણીના ત્રીજા તબક્કાનું ફાઈનલ મતદાન ૬૫.૬૮ ટકા છે. તમને જણાવી દઈએ કે ચૂંટણી પછી પણ ચૂંટણી પંચે ડેટા જાહેર કર્યો હતો. જેમાં ૬૪.૪૦ ટકા મતદાન થયું હોવાનું સામે આવ્યું હતું, જો કે શનિવારે જાહેર કરવામાં આવેલ ડેટા ચૂંટણીના દિવસે જાહેર કરવામાં આવેલા આંકડા કરતા લગભગ ૧ ટકા વધુ છે.

### ચૂંટણી વખતે વડાપ્રધાન મોદી બાળકની જેમ રડે છે : પ્રિયંકા ગાંધી

। (એજન્સી) નંદૂરબાર, તા.૧૧ ।

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ શનિવારે નંદૂરબાર લોકસભા બેઠકથી કોંગ્રેસના ઉમેદવાર પાડવીના સમર્થનમાં ચૂંટણી સભાને સંબોધી હતી. આ દરમિયાન પ્રિયંકા ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચૂંટણી ભાષણોને ખોખલા ગણાવ્યા અને આરોપ લગાવ્યો કે તેઓ રાજનીતિનો ઉપયોગ માત્ર સત્તા મેળવવા માટે કરી રહ્યા છે, ન કે લોકોની સેવા માટે. પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું, કે 'ચૂંટણી સમયે મંચ પર આવીને નાના બાળકની જેમ રડવા લાગે છે. કહે છે કે મને ગાળ આપી.' પ્રિયંકા ગાંધીએ કહ્યું હતું કે, 'વડાપ્રધાન મોદી જે પણ બોલે છે, તે ખોખલી વાતો છે જેમાં કોઈ વજન નથી હોતું.

## મણિશંકરના પાક. પાસે પરમાણુ બોમ્બવાળા નિવેદન પર વડાપ્રધાન બોલ્યા

# કોંગ્રેસ વારંવાર પોતાના જ દેશને ડરાવવાની કોશિશ કરે છે : મોદી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કોંગ્રેસના નેતા મણિશંકર ઐયરના "પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ છે"ના નિવેદન પર નિશાન સાધ્યું છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ વારંવાર પોતાના જ દેશને ડરાવવાની કોશિશ કરે છે, તઓ કહે છે સંભાળીને રહોપાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે પાકિસ્તાનની હાલત આજે એવી છે કે હવે તેને બોમ્બ વેચવાની નોબત આવી ગઈ છે, પરંતુ તેના માટે પણ કોઈ ખરીદનાર નથી મળી રહ્યા. મણિશંકર અય્યરે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ



છે. આપણી પાસે પણ બોમ્બ છે, પરંતુ જો કોઈ લાહોર પર બોમ્બ ફેંકે તો રેડિયેશન અમૃતસરમાં પણ ૮ સેકન્ડમાં પહોંચી શકે છે. તેમણે આગળ પાકિસ્તાન સાથે સન્માનની સાથે વાત કરવાનું કહ્યું. તેમણે કહ્યુ કે જો આપણે પાકિસ્તાનનું સન્માન કરીએ તો તે શાંતિથી રહેશે. જો આપણે તેમને નકારીએ તો ત્યાંનો કોઈ વ્યક્તિ ભારત પર બોમ્બ ફેંકવાનું નક્કી કરી શકે છે. ઓડિશાના કંધમાલમાં એક રેલીને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, "એક એ દિવસ હતો જ્યારે ભારતે વિશ્વને તેની ક્ષમતાનો પરિચય કરાવ્યો હતો. બીજી તરફ કોંગ્રેસ વારંવાર પોતાના જ દેશને ડરાવવાનો પ્રયાસ કરે છે. તેઓ કહે છે કે 'સંભાળીને રહો, પાકિસ્તાન પાસે પરમાણુ બોમ્બ છે.'

આ 'મરેલા' લોકો આ દેશના મનને પણ મારી રહ્યા છે. કોંગ્રેસનું હંમેશા આવુ વલણ રહ્યું છે." તેમણે વધુમાં કહ્યું કે, "આજે પાકિસ્તાનની હાલત એવી છે કે હવે તેઓ બોમ્બ વેચવા નીકળ્યા છે. તે પણ કોઈ ખરીદતું નથી. કોંગ્રેસના આ નબળા વલણને કારણે જમ્મુ-કાશ્મીરના લોકો ૬૦ વર્ષથી આતંકનો સામનો કર્યો છે. દેશે ઘણા આતંકવાદી હુમલાઓનો સામનો કર્યો છે જેને તે ભૂલી શકતો નથી. ૨૬/૧૧ના ભયાનક આતંકવાદી હુમલા બાદ પણ આતંકવાદના સમર્થકો સામે કાર્યવાહી કરવાની તેમની હિંમત નહોતી થઈ. લોકોને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે આજે હું ભાગ્યશાળી છું કે કંધમાલ આવતાની સાથે જ મને એવા આશીર્વાદ મળ્યા છે, જેને હું જીવનભર ભૂલી શકતો નથી. આ આશીર્વાદ સમગ્ર દેશમાં થઈ રહેલા પરિવર્તનનું સાચુ ઉદાહરણ છે.

## ભેદભાવનો આરોપ

# મનોહર લાલ ખટ્ટરને ઝેડ પ્લસ સુરક્ષા મળવાથી કોંગ્રેસ નારાજ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૫ ।

હરિયાણા કોંગ્રેસે પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરને ઝેડ પ્લસ સુરક્ષા આપવા પર સવાલ ઉઠાવ્યા છે. ચૂંટણી પંચને પણ ''સુરક્ષાના નામે ભેદભાવ'' ની નોંધ લેવા વિનંતી કરી.કોંગ્રેસના ધારાસભ્ય આફતાબ અહેમદે કહ્યું કે ખટ્ટર પણ ભાજપના ઉમેદવાર હતા અને કરનાલ બેઠક પરથી લોકસભા ચૂંટણી લડી રહ્યા હતા. તેમણે પૂછ્યું કે અમે પૂછવા માંગીએ છીએ કે ખટ્ટરને ઝેડ-પ્લસ સુરક્ષા કયા આધારે આપવામાં આવી છે. જો પૂર્વ મુખ્યમંત્રીઓને ઝેડ પ્લસ સુરક્ષા આપવાની હોય તો તેમાં બે પૂર્વ મુખ્યમંત્રી ઓમ પ્રકાશ ચૌટાલા અને ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા છે, પરંતુ તેમની પાસે આવી સુરક્ષા નથી.કોંગ્રેસના ધારાસભ્યએ પૂછ્યું કે શું કારણ છે કે માત્ર એક પૂર્વ મુખ્યમંત્રીને જ આટલું સુરક્ષા કવચ આપવામાં આવ્યું છે. અહેમદે આક્ષેપ કર્યો હતો કે રાજકારણીઓને સુરક્ષા કવચ આપવા



માટે અલગ-અલગ માપદંડો અપનાવવામાં આવે છે. તેમણે કહ્યું કે અમે માનીએ છીએ કે સમાન તકો હોવી જોઈએ અને સુરક્ષાના નામે ભેદભાવ ન થવો જોઈએ.કોંગ્રેસે કહ્યું કે આની મતદારો પર નકારાત્મક અસર પડે છે અને ચૂંટણી પંચે તેની નોંધ લેવી જોઈએ. તમને જણાવી દઈએ કે માર્ચમાં ખટ્ટરના સ્થાને નાયબ સિંહ સૈની મુખ્યમંત્રી બન્યા બાદ હરિયાણા સરકારે ખતરાને ટાંકીને ઝેડ પ્લસ સુરક્ષા આપવાનો નિર્ણય લીધો હતો.

## ભારત સહિત ૧૪૩ દેશોએ સમર્થન આપ્યું

# પેલેસ્ટાઈન સંયુક્ત રાષ્ટ્રના સભ્ય બનવા માટે લાયક

### ડ્રાફ્ટમાં કહેવામાં આવ્યું હતું કે પેલેસ્ટાઈન પાત્ર છે અને તેને સંપૂર્ણ સભ્ય રાજ્ય તરીકે સામેલ કરવું જોઈએ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

પેલેસ્ટાઈનને સંયુક્ત રાષ્ટ્રના સભ્ય બનવા માટે શુક્રવારે (૧૦ મે)ના રોજ મતદાન થયું હતું. આ દરમિયાન સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભારત સહિત કુલ ૧૪૩ સભ્યોએ પેલેસ્ટાઈનને પૂર્ણ સભ્ય બનાવવાના સમર્થનમાં મતદાન કર્યું હતું. અમેરિકા અને ઈઝરાયેલ સહિત તેની વિરુદ્ધ નવ મત પડ્યા હતા, જ્યારે ૨૫ દેશો મતદાનમાં ગેરહાજર રહ્યા હતા. જો કે પેલેસ્ટાઈન હજુ સુધી સભ્ય બની શક્યું નથી, તે માત્ર તેના માટે લાયક બન્યું છે. વાસ્તવમાં, પેલેસ્ટાઈનના સંયુક્ત રાષ્ટ્રના સંપૂર્ણ સભ્યપદના પ્રસ્તાવ પર ચર્ચા ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધના સાત મહિના



પછી થઈ હતી. તેનું કારણ એ છે કે ઈઝરાયેલ કબજા હેઠળના પશ્ચિમ કાંઠે તેની વસાહતોનું વિસ્તરણ કરી રહ્યું છે, જેને સંયુક્ત રાષ્ટ્ર ગેરકાયદે માને છે. યુએનજીએના ઠરાવના ડ્રાફ્ટની તરફેણમાં મતદાન, ભારત સહિત ૧૪૩ દેશોએ પેલેસ્ટાઈનને સભ્ય બનવા માટે લાયક ગણ્યા છે. ડ્રાફ્ટમાં કહેવામાં આવ્યું હતું કે પેલેસ્ટાઈન પાત્ર છે અને તેને સંપૂર્ણ સભ્ય રાજ્ય તરીકે સામેલ કરવું જોઈએ. સુરક્ષા પરિષદને આ બાબત પર ફરી એકવાર વિચાર કરવાની ભલામણ કરવામાં આવી હતી. સંયુક્ત રાષ્ટ્રમાં પેલેસ્ટિનિયન રાજદૂત રિયાદ મન્સૂરે મતદાન પહેલાં જનરલ એસેમ્બલીને કહ્યું, ''અમે શાંતિ ઈચ્છીએ છીએ, અમને સ્વતંત્રતા જોઈએ છે. હા મત પેલેસ્ટિનિયન અસ્તિત્વ માટે છે, તે કોઈ રાજ્યની વિરુદ્ધ નથી. તે શાંતિ માટે છે.''ઈઝરાયેલના યુએન એમ્બેસેડર ગિલાદ એર્દાન, જેમણે મન્સૂર પછી વાત કરી, મતદાનની નિંદા કરી અને કહ્યું કે યુએન હવે 'આતંકવાદીઓ'નું સ્વાગત કરી રહ્યું છે. ઈઝરાયેલના રાજદૂત ગિલાડ એર્ડને કહ્યું, ''જ્યાં સુધી તમારામાંના ઘણા લોકો 'યહૂદી-દ્વેષી' છે, ત્યાં સુધી તમે ખરેખર કાળજી લેતા નથી કે પેલેસ્ટિનિયન 'શાંતિ-પ્રેમાળ' નથી. નાઝી) તેનું માથું ઊંચું કરી શકે છે, આજે એક આતંકવાદી રાજ્યને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

## ૫૩ કરોડની સંપત્તિ જપ્ત કરી

# ED દ્વારા મુંબઈના મોનાર્ક યુનિવર્સલ ગ્રુપ ઉપર સકંજો કસ્યો

### મોનાર્ક યુનિવર્સલ ગ્રુપ પર જાહેરાતો દ્વારા નવી મુંબઈમાં તેના ઘણા પ્રોજેક્ટ્સ માટે ખરીદદારોને આકર્ષિત કરવાનો અને પછી તેમને ફ્લેટ ન આપવાનો આરોપ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

EDએ મુંબઈના મોનાર્ક યુનિવર્સલ ગ્રુપ પર સકંજો કસવાની શરૂઆત કરી છે. આ શ્રેણીમાં, EDએ PMLA હેઠળ નવી મુંબઈમાં સ્થિત જૂથની રૂ. ૫૨.૭૩ કરોડની સંપત્તિ જપ્ત કરી છે. વાસ્તવમાં, મોનાર્ક યુનિવર્સલ ગ્રુપ પર જાહેરાતો દ્વારા નવી મુંબઈમાં તેના ઘણા પ્રોજેક્ટ્સ માટે ખરીદદારોને આકર્ષિત કરવાનો અને પછી તેમને ફ્લેટ ન આપવાનો આરોપ છે. આ માટે ગ્રુપે બોલિવૂડની એક મોટી અભિનેત્રીને બ્રાન્ડ એમ્બેસેડર બનાવી હતી. ઘણા રોકાણકારોએ પોલીસને કરેલી તેમની ફરિયાદમાં જણાવ્યું હતું કે બોલિવૂડ અભિનેત્રીને મોનાર્ક યુનિવર્સલ ગ્રુપના પ્રોજેક્ટ્સને પ્રમોટ કરતી જોઈને તેઓએ કંપનીમાં રોકાણ કર્યું હતું. EDએ મહારાષ્ટ્ર પોલીસમાં મેસર્સ મોનાર્ક યુનિવર્સલ ગ્રુપ, ગોપાલ અમરલાલ ઠાકુર, હસમુખ અમરલાલ ઠાકુર અને અન્યો સામે છેતરપિંડી સહિતની કલમો હેઠળ નોંધાયેલા કેસોની તપાસ કરી હતી. આરોપ છે કે બિલ્ડર જૂથે ફ્લેટ ખરીદનારાઓ પાસેથી પૈસા લીધા પછી રજિસ્ટ્રેશન કરાવ્યું ન હતું. આ કારણે, ફરિયાદના આધારે, મહારાષ્ટ્ર પોલીસે બિલ્ડર કંપની અને તેના ડિરેક્ટરો વિરુદ્ધ ગંભીર કલમો હેઠળ કેસ નોંધ્યો છે.

# યુવતીને લગ્નની લાલચ આપીને બળાત્કાર કર્યાની ફરિયાદ

## યુવતીના જન્મદિવસે મિત્રોએ શુભેચ્છા પાઠવવા બાબતે આરોપીએ માર માર્યો હતો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

શહેરમાં રહેતી એક પરિણીતાને ગોવા ફિલ્મ એવોર્ડમાં મળેલા ફોટોગ્રાફરે લગ્નની લાલચ આપીને સંબંધ બાંધ્યા હતા. આ અંગે આરોપીની પત્નીને જાણ થતાં તેણે લગ્ન ન કરવાનું કહીને સંબંધ પૂરા કરી નાખ્યા હતા. બાદમાં પોલીસ ફરિયાદ થવાના ડરથી તેણે ફરી આ પ્રકારે લગ્નની લાલચ આપીને સંબંધ બાંધ્યા હતા. જો કે બાદમાં આરોપીએ ફોન બંધ કરી સંપર્ક તોડી નાખ્યો હતો. યુવતીના જન્મદિવસે અન્ય મિત્રોએ શુભેચ્છા પાઠવતા આરોપીએ વાંધો ઉઠાવીને માર પણ માર્યો હતો. આખરે કંટાળીને યુવતીએ સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. મૂળ મહેસાણાની ૩૧ વર્ષીય યુવતી હાલ રાણીપ વિસ્તારમાં રહે છે અને એક કંપનીમાં બ્યુટી પાર્લરનું કામ કરે છે. બે વર્ષ પહેલાં આ યુવતીએ પતિ સાથે છૂટાછેડા લીધા હતા. વર્ષ ૨૦૨૩માં ગોવા ખાતે એવોર્ડ શોમાં ભાગ લેવા ગઈ ત્યારે આશિષ સુનેરિયા (રહે. ડ્રીમ બોલિવૂડ સ્ટુડિયો, રાજસ્થાન) નામના ફોટોગ્રાફર સાથે મુલાકાત થઈ હતી. બંનેની મુલાકાત બાદ તે ઈવેન્ટના કામ બાબતે વાતો કરતા હતા. તેવામાં એક દિવસ આશિષ આ યુવતીના ઘરે આવ્યો હતો અને તેની સાથે જબરદસ્તી કરીને શારીરિક સંબંધ બાંધ્યો હતો. આશિષે આ યુવતીને લગ્નનો વાયદો કર્યો હતો પણ યુવતીએ તપાસ કરી તો આશિષ પરિણીત હતો. જે બાબતે વાત કરવા બંને ઉદયપુરમાં મળ્યા ત્યારે પણ તેણે પત્નીને છૂટાછેડા આપીને લગ્નનો વાયદો કરીને સંબંધ બાંધ્યા હતા. યુવતીના જન્મદિવસે તેના મિત્રોએ શુભેચ્છા પાઠવતા આશિષે અણગમો રાખીને ઝઘડો કરીને લાફા માર્યા હતા. બાદમાં કોઈ અન્ય લોકો શુભેચ્છા પાઠવશે તો તને મારી નાખીશ તેવી ધમકી આપીને બીજા દિવસે યુવતીના ઘરેથી નીકળી ગયો હતો. આશિષની પત્નીને આ સંબંધની જાણ થતાં આશિષે સંબંધ પૂરા કરવાનું કહીને પત્ની સાથે વાત પણ કરાવી હતી. બાદમાં આરોપીએ પોલીસ ફરિયાદના ડરથી ફરી લગ્નનો વાયદો કરીને સંબંધ બાંધ્યા હતા. જો કે બાદમાં તેણે ફોન બંધ કરી દેતા યુવતીએ આ મામલે પોલીસને જાણ કરતા સાબરમતી પોલીસે આ મામલે બળાત્કાર સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### ૭૫ લાખનું વિદેશી ચલણ પણ મળી આવ્યું

# આંગડિયા પેઢીઓમાં આજે પણ CID ક્રાઈમની તપાસ યથાવત

## અત્યાર સુધી ૧૮ કરોડ ૧૯ લાખની રોકડ, ૧ કિલો સોનું, ૬૬ મોબાઇલ સહિત મુદ્દામાલ પણ કબજે કરાયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

રાજ્યભરમાં આંગડિયા પેઢીમાં CID ક્રાઈમની તપાસ આજે પણ યથાવત છે. વાત જાણે એમ છે કે, CID ક્રાઈમની ટીમને તપાસ દરમિયાન કરોડોના વ્યવહારો મળી આવ્યા છે. આંગડિયાની ૧૨ પેઢીની અલગ અલગ ઓફિસોમાં CID ક્રાઈમ તપાસ કરી રહી છે. વિગતો મુજબ CID ક્રાઈમની તપાસમાં અત્યાર સુધી ૧૮ કરોડ ૧૯ લાખની રોકડ, ૧ કિલો સોનું, ૬૬ મોબાઈલ સહિત મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો છે. આ સાથે ૭૫ લાખનું વિદેશી ચલણ પણ તપાસ દરમિયાન મળી આવ્યું છે.

ગુજરાતભરની આંગડિયા પેઢીમાં હાલ CID ક્રાઈમની તપાસ ચાલી રહી છે. હજી આજે પણ અનેક આંગડિયા પેઢીમાં CID ક્રાઈમની તપાસ ચાલી રહી છે. વિગતો મુજબ CID ક્રાઈમે PM આંગડિયા, HM આંગડિયા, NR આંગડિયામાં તપાસ હાથ ધરી છે. આ દરમિયાન CID ક્રાઈમની ટીમને પ્રાઈમ એન્ટરપ્રાઈઝ, વી પટેલ નામની આંગડિયા પેઢીમાં તપાસમાં દુબઈ સાથેના કરોડોના આંગડિયાના વ્યવહારો મળી આવ્યા છે. હવે આ સમગ્ર મામલે આંગડિયા પેઢીના સંચાલકો સહીત ૧૦ કર્મચારીઓની પૂછપરછ કરવામાં આવશે. મહત્વનું છે કે CID સાથે IT અને ED પણ તપાસ કરી રહી છે.


### પોલીસ નોટો ક્યાંથી આવી તે મામલે તપાસ શરૂ કરી

# ૫૦૦ અને ૧૦૦૦ની રદ થયેલી ચલણી નોટો સાથે યુવક ઝડપાયો

## શહેરાના શખ્શની પોલીસે તલાશી લેતા તેની પાસેથી ૧૩.૩૯ લાખ રૂપિયાની ચલણી નોટો મળી આવી હતી

। (એજન્સી) અરવલ્લી, તા.૧૧ ।

રુપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જૂની અને ચલણમાંથી રદ કરવામાં આવેલ નોટના બંડલ અરવલ્લી જિલ્લામાંથી ઝડપાયા છે. પંચમહાલના શહેરાનો શખ્શ બાઈક પર એક થેલીમાં ભરીને લુણાવાડાથી માલપુર તરફ આવવા દરમિયાન પોલીસે યુવકને ઝડપી લઈને તલાશી લેતા તેની પાસેથી ૧૩.૩૯ લાખ રુપિયાની ચલણી નોટો મળી આવી હતી. માલપુર પીએસઆઈ કેએચ બિહોલા અને તેમની ટીમ દ્વારા યુવકને ઝડપી લઈને રદ થયેલ ચલણી નોટોને ઝડપી લીધી હતી.



ચલણી નોટોના બંડલમાંથી ૫૦૦ રુપિયાના દરની રદ થયેલ જૂની ચલણી નોટો ૨૨૯૨ નંગ અને ૧૦૦૦ રુપિયાની ચલણમાંથી રદ કરવામાં આવેલ ૧૯૮ નોટ મળી આવી હતી. પોલીસે યુવક પાસેથી આ નોટો ક્યાંથી આવી અને કયાં લઈ જતો હતો એ અંગેની તપાસ શરુ કરી છે. પોલીસને યુવક જિગ્નેશ ભરતભાઈ પટેલ રહ પાલીખંડા તા. શહેરા જિ. પંચમહાલની પૂછપરછ કરતા હાલ તો માત્ર એક જ રટણ જારી રાખ્યું છે કે, નોટો તેની પોતાની છે અને તેને બદલવા માટેના પ્રયાસમાં બેંક મેનેજરનો સંપર્ક કરવા માટે જઈ રહ્યો હતો. જોકે પોલીસને તેની આ વાત ગળે ઉતરી રહી નથી. કારણ કે નોટ રદ થયા બાદ હવે સ્થાનિક મેનેજરની કોઈ ભૂમિકા રહી નથી. પીએસઆઈ બિહોલાએ ફ૯ સાથેની વાતચીતમાં જણાવ્યું હતુ કે, તેઓએ તમામ પાસાઓને ધ્યાને રાખીને તપાસ શરુ કરી છે. તે કોઈ એજન્ટના રુપમાં કામ કરવાનો પ્રયાસ કરતો હતો કે કેમ એ અંગે પણ તપાસ હાથ ધરી છે. આ ઉપરાંત જે રીતે તે પોતાની નોટો હોવાનું ગણાવે છે, એ મુજબ તેની પાસે આવકના સ્ત્રોત કેવા છે એ પણ તપાસવામાં આવી રહ્યું છે. આ ઉપરાંત પોલીસને આશંકા છે કે, તે ચલણી નોટોમાં રહેલા તારને પણ કોઈ ઉપયોગમાં લેવા માટે પણ જુગાડ કરી રહ્યો છે. એ અંગે પણ તપાસ શરુ કરી છે.

### મૃતકને નહોતી કોઈપણ જાતની બીમારી

# ડભોઇમાં ૪૨ વર્ષના યુવાનનું હાર્ટ એટેકથી મોત નિપજ્યું

## યુવાન ૨૦ વર્ષથી વડોદરા તરસાલી મધ્ય ગુજરાત વીજ કંપનીમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતો હતો



। (એજન્સી) ડભોઈ, તા.૧૧ ।

ગરમીનો કહેર વધવાની સાથે રાજ્યમાં હાર્ટ એટેકના કિસ્સા પણ વધી રહ્યા છે. વડોદરાના ડભોઈમાં હાર્ટએટેકથી મૃત્યુનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. ડભોઈમાં ૪૨ વર્ષના યુવાનનું હાર્ટ એટેકથી મોત થયું છે. મૂળ કનાયડા ગામડી અને હાલ ડભોઈ આયુષ સોસાયટીમાં રહેતા ઠાકોર અશોકભાઈ નારસિંહભાઈનું હાર્ટ એટેકથી મોત થયું હતું. રાત્રીના સાસુજીની વરસી નિમિત્તે ભજન માણ્યા બાદ સુવા જતા છાતીમાં દુખાવા થયા બાદ યુવાનનું થયું મૃત્યુ હતું.

યુવાન ૨૦ વર્ષથી વડોદરા તરસાલી મધ્ય ગુજરાત વીજ કંપનીમાં ક્લાર્ક તરીકે ફરજ બજાવતો હતો. યુવાનના શરીરમાં કોઈપણ જાતની બીમારી નહોતી. યુવાનના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે. યુવાનોમાં હાર્ટ એટેકના કેસમાં થઈ રહેલો વધારો ચિંતાની વાત છે.

સુરત શહેરમાં વધુ ત્રણ લોકોના અચાનક મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. ભેસાણના મલગામા ખાતે આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડમાં ચાલતા ચાલતા ચાલતા યુવાન અચાનક બેભાન થયા બાદ મોતને ભેટ્યો હતો. ઉધાનામાં રાધા મોહન ફેબટેક્સ પ્રાઈવેટ લિમિટેડમાં કામ કરતાં કારીગરનું અચાનક ચક્કર આવ્યા બાદ મોત નિપજયું હતું. જ્યારે કાપોદ્રા ખાતે હીરા ઘસવાનું કામ કરતાં કરતા રત્ન કલાકાર અચાનક બેભાન થઈ ગયા હતા. ચોર્યાસી તાલુકાના ભેસાણ ગામે રહેતા મહાદેવ મંદિર સામે સડક મોહલ્લામાં રહેત ૪૩ વર્ષીય હિતેશ પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડમાં ચાલી રહ્યા હતા ત્યારે અચાનક નીચે પડી જતાં બેભાન થઈ ગ. હતો. જેથી સંબંધી ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં તબીબે મૃત જાહેર કર્યા હતા. ડીંડોલી ભીમનગર ગરનાળા પાસે સંતોષીનગરમાં રહેતા શિવશંકર ઉર્ફે દિપર વિજય પાલ સિંહ ઉધના ખાતે મોબન વેબ ટેક્સ પ્રા.લિયમાં નોકરી કરતો હતો. ફેક્ટરીમાં ચાલતી વખતે અચાનક ચક્કર આવતાં પડી જતાં ૧૦૮ મારફતે હોસ્પિટલ ખસેડાયો હતો. તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. મોટા વરાછા મંત્ર હોમ્સમાં રહેતા દિનેશ જીવરાજ કાકડીયા (ઉ.વ.૫૦) કાપોદ્રા ગાયત્રી સોસયાટીમાં આવેલા કારખાનામાં હીરા ઘસવાનું કામ કરતા હતા તે સમયે અચાનક બેભાઈન થઈ ગયા હતા. જેથી તાત્કાલિક સારવાર અર્થે ખસેડાયા હતા. જ્યાં તબીબે મૃત જાહેર કર્યા હતા.

### પતિ સહિત સાસરિયાં વિરુદ્ધ પરિણીતાએ ફરિયાદ નોંધાવી

# દીકરાની ટ્યૂશનની ફી માગતા પત્ની, પુત્રને પતિએ ઘરમાંથી કાઢી મૂક્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

નરોડામાં રહેતી પરિણીતાએ દીકરાની ટ્યૂશન ફી ભરવા પતિ પાસે રૂપિયા માગ્યા હતા. પતિએ રૂપિયા ન આપીને પત્ની અને દીકરાને માર મારી ઘરમાંથી બહાર કાઢી મૂક્યા છે. સાસુ અને સસરા તથા બે નણંદો કરિયાવરમાં કશું લાવી નથી કહીને પરિણીતાને હેરાન કરતા રહેતા હતા. આખરે કંટાળીને પરિણીતાએ નરોડા પોલીસ સ્ટેશનમાં પતિ, સાસુ-સસરા તથા બે નણંદો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

નરોડા હરિદર્શન ચાર રસ્તા નજીક રહેતા વીણાબેન પરમાર (ઉ.વ.૩૫)ના લગ્ન ૨૦૦૭માં નરોડામાં રહેતા અમરિષભાઈ સાથે થયા હતા. લગ્નના થોડા વર્ષ બાદ પતિ તેમજ સાસરિયાં પરિણીતાને નાની-નાની બાબતોમાં મેણાંટોણાં મારીને હેરાન કરવામાં આવતા હતા. લગ્નના બે વર્ષ બાદ પુત્રવધૂએ દીકરાને જન્મ આપ્યા બાદ થોડા સમય સુધી તેની સાથે સારું વર્તન કરવામાં આવ્યું હતું. થોડા મહિના બાદ મહિલાનો પતિ રોજ દારૂ પીને ઘરે આવતો અને પત્ની સાથે મારઝૂડ કરતો હતો. સાસુ-સસરા તથા બે નણંદો પણ કરિયાવર કઈ લાવી નથી તેમ કહીને ત્રાસ આપતા હતા. કંટાળીને તે બાળક સાથે પિતાના ઘરે રહેવા માટે જતી રહી હતી. સમાધાન થતાં મહિલાએ નજીકમાં એક મકાન ભાડે લીધું હતું અને પતિ સાથે રહેતી હતી. ત્યારબાદ પણ મહિલાનો પતિ દારૂ પીતો રહેતો હતો અને નોકરી ધંધો કરતો ન હતો. ગત ૩૧ માર્ચના બપોરે પત્નીએ તેના પતિ પાસે દીકરાની ટ્યૂશનની ફી ભરવા રૂપિયા માગ્યા હતા. ગુસ્સામાં આવીને પતિએ તેની પત્ની સાથે મારઝૂડ કરવાનું શરૂ કરી દીધું હતું. દીકરા અને પત્નીને મારી મારીને ઘરમાંથી બહાર કાઢી મૂક્યા હતા. મહિલાએ પતિ સહિત સાસરીના કુલ ચાર લોકો વિરુદ્ધ નરોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# સુરતમાં ઈ-બાઈકના શોરૂમમાં વિકરાળ આગ લાગવાનો બનાવ

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

સુરતમાં નાના વરાછા વિસ્તારમાં આવેલા ઈ-બાઈકના શોરૂમમાં વિકરાળ લાગવણો બનાવ બન્યો હતો. ઈ-બાઈકના શોરૂમમાં આગ લાગતા આસપાસના વિસ્તારમાં પણ ભય અને અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતા ફાયરની ટીમ ઘટના સ્થળે પહોંચી આગ કાબૂમાં લેવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ગણતરીના કલાકોમાંજ ફાયર વિભાગ દ્વારા આગને સંપૂર્ણ રીતે ઓલવી દેવામાં આવી હતી, આ બનાવમાં કોઈ જાનહાનિ ના સમાચાર નથી પણ ઈ-બાઈકના શોરૂમમાં ખૂબ મોટા પ્રમાણ માં બધી વસ્તુઓ બળી જવાથી શોરૂમ માલિકને મોટું નુકસાન થયું હોવાનું અનુમાન છે. આગ લાગવાની ઘટના ની જાણ થતાજ પોલીસ વિભાગ પણ દોળી આવ્યું હતું, પણ ઈ-બાઈકના શોરૂમમાં આ વિકરાળ આગ કેવી રીતે લાગી તેની પાછળનું કારણ હજી સુધી જાણી શકાયું નથી.

### જલ્દી લગ્ન કરાવી આપો, નહીંતર જીવન ટુંકાવી લઈશ તેવી ધમકી આપતી હતી

# સગીર પ્રેમી સાથે લગ્નની જીદે ચઢેલી સગીરાનું અભયમે કાઉન્સેલિંગ કર્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

શાહીબાગમાં ૧૫ વર્ષીય સગીરા માતા સાથે રહે છે અને અભ્યાસ કરે છે. પિતાનું છ માસ પહેલા મોત થયું હતું. સગીરા ૧૨ વર્ષની હતી તે સમયે તેની પાડોશમાં રહેતા ૧૬ વર્ષના સગીર સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો.

સગીર સાથે લગ્ન કરવાની જીદ પકડીને બેઠી હતી. ઉંમર નાની હોવાથી માતા-પિતાએ લગ્ન કરાવી આપવાની ના પાડી તો સગીરાએ ફિનાઈલ પીને આપઘાતનો પ્રયાસ કર્યો હતો. કંટાળીને માતાએ તેની દીકરીની સગીર સાથે સગાઈ કરાવી આપી હતી. જલ્દીથી લગ્ન કરાવી આપો કહીને નહીંતર જીવન ટુંકાવી લઈશ તેવી ગર્ભિત ધમકીઓ સગીરા માતાને આપ્યા કરતી હતી. એક દિવસ સગીરા રાત્રે ઘરેથી નીકળીને પ્રેમીના ઘરે જતી રહી હતી. સગીરાની માતાને જાણ થતા તે સગીરાને પરત ઘરે લાવી હતી.

સગીરાએ માતા સાથે ઝઘડો કર્યો હતો. આત્મહત્યા કરવા રિવરફ્રન્ટ પહોંચી ગઈ હતી. પોલીસે સગીરાને બચાવી લીધી હતી અને માતાને ફોન કરીને સગીરાને સોંપી હતી. તેમ છતા અવારનવાર જલ્દી લગ્ન કરાવી દેવા માતા સાથે ઝઘડો કરીને હેરાન કરતી રહેતી હતી. આખરે સગીરાની માતાએ તેને સમજાવવા માટે અભયમની મદદ માગી હતી. ટીમે સગીરાનું કાઉન્સેલિંગ કરી સગીર પ્રેમી અને તેના વાલીને બોલાવીને કાયદાકીય માહિતી આપી હતી. સગીરાની ઉંમર નાની હોવાથી લગ્ન થઈ શકે તેમ નથી.

## વિશેષ

### અંદાજપત્ર ૨૦૨૪-૨૫ની સામાન્ય ચર્ચા પર કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલ

# મિલિટરી નર્સિંગ સર્વિસ દ્વારા આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ, ૨૦૨૪ની ઉજવણી





। નવી દિલ્હી ।

આયુર્વિજ્ઞાન ઓડિટોરિયમ, આર્મી હોસ્પિટલ (R&R) ખાતે ૧૧ મે ૨૦૨૪ના રોજ આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ ૨૦૨૪ની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મેજર જનરલ કંવરજીત સિંઘ, ઓફજી કમાન્ડન્ટ આર્મી હોસ્પિટલ (R&R) હાજર રહ્યા હતા. મેજર જનરલ શીના પી ડી. પ્રિન્સિપાલ મેટ્રોને સૌનું સ્વાગત કર્યું હતું. સમાજ પ્રત્યે નર્સોના યોગદાનને ચિહ્નિત કરવા દર વર્ષે ફ્લોરેન્સ નાઈટીંગેલની જન્મજયંતી પર આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ સમગ્ર વિશ્વમાં ઉજવવામાં આવે છે.

ઈન્ટરનેશનલ કાઉન્સિલ ઓફ નર્સે આ વર્ષની થીમ 'અવર નર્સ અવર ફ્યુચર, ધ ઈકોનોમિક પાવર ઓફ કેર' તરીકે જાહેર કરી છે અને થીમનું અનાવરણ મેજર જનરલ આઈ ડી ફ્લોરા, એડિશનલ ડીજીએમએનએસ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગને યાદગાર બનાવવા માટે, 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈન નર્સિંગઃ બૂન ઓર અ બેન' પર ચર્ચા અને થીમ પર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રસિદ્ધ પેનલિસ્ટોએ નર્સિંગ વ્યવસાયમાં પડકારો, નર્સોને સશક્ત બનાવવાના અભિગમો, નર્સોની નેતૃત્વની ભૂમિકા, નર્સિંગ શિક્ષણ, આરોગ્ય સંભાળમાં ડિજિટલાઈઝેશન, નર્સ બર્ન આઉટ વગેરે સહિત વિવિધ પાસાઓની ચર્ચા કરી હતી.

મુખ્ય અતિથિએ પેનલિસ્ટોનું સન્માન કર્યું હતું અને ગુણવત્તાસભર નર્સિંગ અધિકારીઓને પ્રશંસા પ્રમાણપત્રો આપીને સન્માનિત કર્યા હતા. કેપ્ટન દીપા શજનને પુષ્પનરંજન એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. મુખ્ય અતિથિએ પણ સભાને સંબોધિત કરી અને તેઓને મિલિટરી નર્સિંગ ઓફિસર્સ દ્વારા નિર્ધારિત વ્યાવસાયિક ધોરણો અને નૈતિકતા જાળવી રાખવા માટે પ્રોત્સાહિત કર્યા. તેમણે MNS અધિકારીઓને અત્યંત કરુણા અને સહાનુભૂતિ સાથે દર્દીઓની કાળજી લેતા અનંત શિફ્ટમાં અથાક કામ કરવા બદલ પ્રશંસા કરી.

### કેજરીવાલે વડાપ્રધાન મોદી પર નિશાન સાધ્યું

# અડવાણી, મનોહર, શિવરાજની રાજનીતિ મોદીએ ખતમ કરી

## જો બીજેપી ચૂંટણી જીતી ગયું તો થોડા દિવસોમાં મમતા બેનર્જી, તેજસ્વી યાદવ, સ્ટાલિન જેલમાં હશે : કેજરીવાલ

। નવી દિલ્હી, તા.૧૧ ।

અરવિંદ કેજરીવાલ લગભગ ૫૧ દિવસ પછી જેલમાંથી બહાર આવ્યા અને આવતાંની સાથે જ પોતાનું કામ કરવાનું શરૂ કરી દીધું છે. પૂજા કર્યા બાદ પાર્ટી કાર્યાલય પહોંચેલા કેજરીવાલે જેલમાં પોતાના અનુભવો વર્ણવીને અને ભાજપના દરેક આરોપોનો જવાબ આપ્યો હતો. કેજરીવાલે રાજીનામું ન આપવાનું પોતાનું કારણ પણ આપ્યું હતું. તેમણે કહ્યું કે હું સુપ્રીમ કોર્ટનો આભાર માનું છું કારણ કે તેમણે માત્ર ૨૧ દિવસ માટે જામીન આપ્યા હોવા છતાં આ દિવસો ભાજપને જડમૂળથી ઉખેડવા માટે પૂરતા છે. દિલ્હી લિકર પોલિસી સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ૧૦ મેના રોજ સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા બાદ અરવિંદ કેજરીવાલ આજે કનોટ પ્લેસના હનુમાન મંદિર પહોંચ્યા. આ દરમિયાન તેમણે પૂજા કરી અને હનુમાનજીને પગે લાગ્યા. અહીંથી નીકળ્યા બાદ તેઓ નજીકના શનિ મંદિર અને નવગ્રહ મંદિર પણ પહોંચ્યા હતા. આ પછી કેજરીવાલ આમ આદમી પાર્ટીના મુખ્યાલય પહોંચ્યા. પાર્ટી હેડક્વાર્ટર ખાતે કેજરીવાલના સ્વાગત માટે ભવ્ય તૈયારીઓ કરવામાં આવી હતી. આમ આદમી પાર્ટીના કાર્યાલયમાં સમર્થકોને સંબોધતા અરવિંદ કેજરીવાલે કહ્યું કે ૫૦ દિવસ પછી તમારી વચ્ચે આવીને સારું લાગી રહ્યું છે.

અમે આજે હનુમાનજીના આશીર્વાદ લીધા. ત્યારબાદ શિવ મંદિર અને શનિ મંદિર ગયા. બજરંગ બલીની અમારા પક્ષ પર ઘણી કૃપા છે. તેમના કારણે જ હું તમારી વચ્ચે છું. કોઈને આશા ન હતી કે ચૂંટણીની વચ્ચે હું તમારી વચ્ચે આવીશ. તેમણે કહ્યું કે વડાપ્રધાને અમારી આમ આદમી પાર્ટીને કચડી નાખવામાં કોઈ કસર છોડી નથી. એક વર્ષમાં અમારી પાર્ટીના ચાર ટોચના નેતાઓને જેલ મોકલી દીધા. જે લોકો મોદીજીને મળવા જાય છે. તે અમને પણ બધું કહે છે. કેજરીવાલે કહ્યું કે મોદીજી દેશના તમામ નેતાઓને ખતમ કરવા માંગે છે. વિપક્ષના તમામ નેતાઓને જેલ મોકલશે. તેમણે કહ્યું કે મારી પાસેથી એફિડેવિટ પર લખાવી લો, જો તેઓ આ ચૂંટણી જીતી ગયા, તો થોડા દિવસોમાં મમતા બેનર્જી, તેજસ્વી યાદવ, સ્ટાલિન જેલમાં હશે. કેજરીવાલે એમ પણ કહ્યું, 'હું માનું છું કે એમની ૨૩૦ સીટો આવી રહી છે, ભારતમાં ગઠબંધન



સરકાર બનશે અને દિલ્હીને પૂર્ણ રાજ્યનો દરજ્જો મળશે. તેઓ ઈન્ડિયા ગઠબંધનને પૂછે છે કે તમારો પીએમ કોણ બનશે? હું પૂછું છું કે ભાજપના પીએમ કોણ હશે? આવતા વર્ષે મોદીજી ૭૫ વર્ષના થવા જઈ રહ્યા છે. હવે મોદીજી આવતા વર્ષે ૧૭મી સપ્ટેમ્બરે નિવૃત્ત થવા જઈ રહ્યા છે. જો તેઓ પીએમ બનશે તો પ્રથમ બે મહિનામાં તેઓ યોગી આદિત્યનાથને નિપટાવી દેશે. દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટી (AAP)ના વડા અરવિંદ કેજરીવાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર મોટો આરોપ લગાવ્યો છે. કેજરીવાલે કહ્યું છે કે પીએમ મોદીએ લાલ કૃષ્ણ અડવાણી, મુરલી મનોહર જોશી, શિવરાજ સિંહ ચૌહાણ જેવા નેતાઓની રાજનીતિ ખતમ કરી દીધી છે.

જો ત્રીજી વખત સરકાર બનશે તો આગામી નંબર ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનો છે. તેમની રાજનીતિ પણ ખતમ થઈ જશે. AAP હેડક્વાર્ટર ખાતે પ્રેસ કોન્ફરન્સને સંબોધતા અરવિંદ કેજરીવાલે કહ્યું કે અમારી આમ આદમી પાર્ટી એક નાની પાર્ટી છે, જે બે રાજ્યોમાં છે, પરંતુ વડાપ્રધાન મોદીએ અમારી પાર્ટીને કચડી નાખવામાં કોઈ કસર છોડી નથી અને એક સાથે ચાર ટોચના નેતાઓને જેલમાં મોકલી દીધા છે. તેમણે કહ્યું કે જો મોટી પાર્ટીઓના ચાર ટોચના નેતાઓ જેલમાં જાય છે તો પાર્ટી ખતમ થઈ જાય છે. વડાપ્રધાન 'આપ'ને કચડી નાખવા માંગે છે. પીએમ મોદી પોતે માને છે કે છઉઁ દેશને ભવિષ્ય આપશે. જો ભાજપની સરકાર બનશે તો અમિત શાહને પીએમ બનાવવામાં આવશે. જેઓ વોટ આપવા જઈ રહ્યા છે તેઓ એમ વિચારીને જાઓ કે તેઓ મોદીજીને નહીં પણ અમિત શાહને વોટ આપી રહ્યા છે. દેશની જનતાએ સરમુખત્યારશાહીને ઉખાડી નાખી છે, આજે એક સરમુખત્યાર આ દેશમાંથી લોકશાહીને ખતમ કરવા માંગે છે. હું ૧૪૦ કરોડ લોકો પાસે ભીખ માંગવા આવ્યો છું, મારા દેશને બચાવો, આ તાનાશાહીથી બચાવી લો.

જનતાનું અભિવાદન અને આભાર માન્યા બાદ કેજરીવાલે પોતાની વાત આગળ વધારતાં જણાવ્યું હતું કે, 'તેઓ (ભાજપના લોકો) પૂછે છે કે અરવિંદ કેજરીવાલે રાજીનામું કેમ ન આપ્યું? જ્યારે હું પહેલીવાર સીએમ બન્યો ત્યારે મેં ૪૯ દિવસમાં રાજીનામું આપી દીધું હતું. મને પદનો કોઈ લોભ નથી. આટલી જંગી બહુમતીથી જીત્યા પછી તેઓ જાણે છે કે જો તેઓ તેમને હરાવી નહીં શકે તો તેઓ કેજરીવાલને ખોટા કેસમાં ફસાવી દેશે અને કેજરીવાલે રાજીનામું આપવું પડશે. અમે તેમની જાળમાં ફસાવાના નથી. તેમના માટે સારું છે કે જ્યાં પણ કોઈની સરકાર બને છે, તે રાજ્યના મુખ્યમંત્રીને જેલમાં ધકેલી દો, તેથી જ મેં રાજીનામું આપ્યું નથી.

### ચૂંટણી ટાણે વધુ એક નોટોનો પહાડ મળ્યો

## ટેમ્પો પલટ્યો અને રસ્તા પર વિખેરાયાં સાત કરોડ



। (એજન્સી) એનટીઆર, તા.૧૧ ।

આંધ્રપ્રદેશમાં શનિવારે ફરી એક વખત ભારે માત્રામાં રોકડ જપ્ત કરાઈ. અગાઉ શુક્રવારે પણ એનટીઆર જિલ્લામાં ૮ કરોડ રૂપિયા જપ્ત કરાયા હતા. તાજેતરનો મામલો રાજ્યના પૂર્વ ગોદાવરી જિલ્લાનો છે જ્યાં શનિવારે થેલામાં ભરીને સાત કરોડ રોકડા લઈ જવામાં આવી રહ્યા હતા. તે સમયે જ નલ્લાજર્લા મંડલના અનંતપલ્લી ખાતે એક ટ્રક સાથેની ટક્કરમાં ટેમ્પો પલટી ખાઈ ગયો અને અહીંથી પોલ ખુલી ગઈ. આ દશ્ય જોતાં જ સ્થાનિકો મદદ માટે દોડી આવ્યા હતા પરંતુ નોટોના બંડલો જોઈને જ તેમના હોંશ ઊડી ગયા હતા. લોકોએ કહ્યું કે ટેમ્પોમાં ૭ થેલા ભરીને રોકડ ભરેલી હતી. પોલીસને જાણ કરાઈ અને રકમને જપ્ત કરવામાં આવી. આ ટેમ્પો વિજયવાડાથી વિશાખાપટ્ટનમ જઈ રહ્યો હોવાની માહિતી છે. અકસ્માતનો ભોગ બનેલા ટેમ્પો ડ્રાઈવરને ઈજા થઈ હતી અને તેને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયો હતો.

### યુવકે બાળકોને છત પરથી ફેંક્યા

## ઉત્તરપ્રદેશના સીતાપુરમાં એક જ પરિવારના ૬ લોકોના મોત

। (એજન્સી) સીતાપુર, તા.૧૧ ।

ઉત્તરપ્રદેશના સીતાપુરમાં એક જ પરિવારના ૬ લોકોના મોતના પગલે ખળભળાટ મચી ગયો છે. અહેવાલ મુજબ યુવકે માતા, પત્ની અને બાળકોની હત્યા કરી છે. આરોપીએ પોતાની માતાની જ ગોળી મારીને હત્યા કરી હતી. જ્યારે પત્નીની હથોડી મારીને હત્યા કરી હતી. ઘટના મથુરાના પલ્હાપુર ગામની છે. આટલું ઓછું હોય તેમ આરોપીએ ૩ બાળકોને પણ છત પરથી નીચે ફેંકી દીધા હતા. તેના પગલે તમામ બાળકોનું મૃત્યું નીપજ્યું છે. પરિવારના પાંચ લોકોની હત્યા પછી આરોપીએ પોતાને પણ ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. શરૂઆતના રિપોર્ટ મુજબ આરોપી નશો કરતો હતો અને માનસિક રીતે હેરાન રહેતો હતો. પાલ્હાપુરમાં ખેડૂત વિરેન્દ્ર સિંહના પુત્ર અનુરાગ સિંહે ગત રાતે આ હત્યાકાંડને અજામ આપ્યો હતો. માનસિક સંતુલન ગુમાવી બેઠેલા અનુરાગ સિંહે માતા સાવિત્રી દેવી, વિરેન્દ્ર સિંહ, પત્ની પ્રિયંકા સિંહ, છોકરી આષ્વી, પુત્ર અનુરાગ અને પુત્રી આરનનું ઘટના સ્થળે જ મોત થઈ ગયું હતું. જ્યારે આદવિકે ઈલાજ દરમિયાન ટ્રોમા સેન્ટરમાં જ જીવ ગુમાવ્યો હતો.

# ગઠબંધન સરકાર બનશે તો ઉત્પીડનની કાર્યવાહી પાછી ખેંચી લેવામાં આવશે : ખડગે

## પાકિસ્તાન પાસે એટમ બોમ્બ હોવાના નિવેદન પર ખડગેએ કહ્યું કે, એનડીએનું કામ નિવેદનોને તોડી મરોડીને વ્યક્ત કરવાનું છે

। (એજન્સી) પટના, તા.૧૧ ।

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કાનું મતદાન ૧૩ મેના રોજ છે. આ પહેલા ઈન્ડિયા એલાયન્સના નેતાઓએ પટનામાં પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ માત્ર સેમ પિત્રોડાની જાતિવાદી ટિપ્પણી પર સ્પષ્ટતા જ નહીં, પરંતુ મહાગઠબંધનના પીએમ ચહેરા વિશે પણ વાત કરી હતી. આ સાથે તેમણે દેશમાં CBI અને EDની કાર્યવાહી પર મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે, જો ભારતમાં ગઠબંધન સરકાર બનશે તો ઉત્પીડનની કાર્યવાહી પાછી ખેંચી લેવામાં આવશે. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, ED, CBI દ્વારા હેરાન કરવા માટે જે પણ કાર્યવાહી કરવામાં આવી છે, સરકાર બન્યા બાદ આવી કાર્યવાહી પાછી ખેંચી લેવામાં આવશે. કાયદેસર શું છે તે અંગે કાયદો નિર્ણય લેશે. સેમ પિત્રોડાના નિવેદન પર સ્પષ્ટતા કરતા ખડગેએ કહ્યું કે, તેમણે પોતે રાજીનામું



આપ્યું છે, ત્યારપછી મામલો ખતમ થઈ ગયો છે. પાકિસ્તાન પાસે એટમ બોમ્બ હોવાના મણિશંકર ઐયરના નિવેદન પર ખડગેએ કહ્યું કે, એનડીએનું કામ નિવેદનોને તોડી મરોડીને વ્યક્ત કરવાનું છે. ધર્મના આધારે આરક્ષણ આપવા પર ખડગેએ કહ્યું કે, જે અનામત આપવામાં આવી રહી છે તેને લાગુ કરવામાં આવશે અને બાકીના જવાબ સરકાર બનશે ત્યારે આપવામાં આવશે. આ સાથે ખડગેએ વધુમાં કહ્યું કે, અમે સાથે મળીને નક્કી કરીશું કે જ્યારે સરકાર બનશે ત્યારે કોણ પીએમ બનશે. કોંગ્રેસ અધ્યક્ષે કહ્યું કે, એનડીએ કહે છે કે તે ૫ કિલો અનાજ આપીને મહાન કામ કરી રહ્યું છે, પરંતુ અમે ૩૫ કિલો આપતા હતા. મોદીની ગેરંટી જેવા શબ્દોની દેશમાં કોઈ અસર નથી. જણાવી દઈએ કે, આ પ્રેસ કોન્ફરન્સમાં મીરા કુમાર, દીપાંકર ભાયાચાર્ય, આરજેડી તરફથી મનોજ ઝા, કોંગ્રેસ પ્રભારી મોહન પ્રકાશ, કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ અખિલેશ સિંહ પણ હાજર હતા. ખડગેએ વધુમાં કહ્યું કે, ત્રણ તબક્કામાં ૨૮૫ બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી, ચોથા તબક્કાનું મતદાન ૧૩ મેના રોજ શરૂ થયું હતું. તેલંગાણામાં મારી અને પીએમ મોદી વચ્ચે જાહેર સભા હતી. પીએમ મોદીની સભામાં લોકો એકઠા થતા તે અનેક ઈશારા કરે છે. લોકોને નોકરી મળી નથી. પીએમ મોદીએ કોઈ મોટું કામ કર્યું હોય તો કહો. દેશમાં મહિલાઓની સમસ્યાઓ વધી છે. ભાજપ માત્ર હિન્દુઓને મુસ્લિમ બનાવવા માંગે છે. ભાજપ દેશની જનતામાં ભાગલા પાડવા માંગે છે.



આંધ્રપ્રદેશમાં લોકસભા ચૂંટણી માટે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી જાહેર સભાને સંબોધિત કરતા જોવા મળ્યા.

### બુકી બજારે લોકસભાની સીટના ભાવ બહાર પાડ્યા

## સટ્ટાબજારના મતે દેશમાં ફરી એકવાર મોદી સરકાર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

લોકસભાની ચૂંટણી પહેલા સટ્ટા બજાર ગરમ થયું છે. ત્રીજા તબક્કાનું મતદાન પૂર્ણ થતાં બુકી બજારે લોકસભાની સીટના ભાવ બહાર પાડ્યા છે. જેમાં ભાજપ બહુમતથી જીતી રહ્યું છે તેવું દેખાઈ રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીને કુલ ૨૯૪ સીટ મળતી હોવાનો બુકી બજાર દ્વારા દાવો કરાયો છે. એટલું જ નહિ, ગુજરાતમાં ભાજપ તમામ ૨૬ બેઠક પર જીતના પરચમ લહેરાવશે તેવુ સટ્ટા બજારનું અનુમાન છે. ગુજરાતમાં ભાજપ ફરી ક્લીનસ્વીપ કરી શકે છે. સાથે જ કોંગ્રેસને કુલ ૬૦ થી ૭૦ સીટ મળતું હોવાનું અનુમાન લગાવાયું છે. ગુજરાતમાં ઓછા મતદાન વચ્ચે સટ્ટાબજારમાં લોકસભાની નવ બેઠકના ભાવ બુકી બજારે ખોલ્યા છે. આ બેઠકો પર જીતના ક્ષત્રિયો અને કોંગ્રેસે મસમોટા દાવાઓ કર્યા છે. સટ્ટા બજાર અહીં ભાજપને ફેવરિટ ગણાવી રહ્યું છે. ભલે રાજસ્થાનમાં ફલૌદી બજારમાં એનડીએની સીટો ઘટાડવાનો ભાવ ચાલી રહ્યો છે પણ સૌરાષ્ટ્રનું સટ્ટા બજાર ભાજપને વન વે જીતાડી રહ્યું છે. સટ્ટા બજારે જે સીટોના ભાવ ખોલ્યા છે એ ગુજરાતની વિવાદીત સીટો છે. જ્યાં હાલમાં ભાજપને નુક્સાન થવાના અહેવાલો સામે આવી રહ્યાં છે. ગુજરાતમાં ૬૦ ટકા મતદાન વચ્ચે સંગઠન કાગળ પરનું વાઘ સાબિત થયું છે. ૧.૯૧ કરોડ ગુજરાતીઓ મતદાન સુધી પહોંચ્યા નથી. ભાજપ સંગઠનના તમામ આયોજનો માત્ર કાગળ પર રહ્યાં છે. મસમોટા મંત્રીઓ અને નેતાઓના મત વિસ્તારમાં ૫૫ ટકાની આસપાસ મતદાન સાબિત કરી રહ્યું છે કે ભાજપના કાર્યકરો મતદારોને બુથ સુધી લાવવામાં સફળ રહ્યાં નથી. ગુજરાતમાં ક્ષત્રિય આંદોલન વચ્ચે સંકલન સમિતિએ પણ આ ૯ બેઠકોમાંથી ભાજપ ૭ હારી રહ્યું હોવાના દાવાઓ કર્યા છે. કોંગ્રેસને પણ આ બેઠકો પર પરિવર્તન થવાની આશા છે. જેને પગલે ગુજરાતનું સટ્ટા બજાર પણ સક્રિય થઈ ગયું છે. સૌરાષ્ટ્રના સટ્ટા બજારે રાજકોટ, સુરેન્દ્રનગર, જુનાગઢ, પોરબંદર, ભાવનગર, જામનગર, પાટણ, બનાસકાંઠા અને આણંદ બેઠકના ભાવ ખુલ્યા છે. બુકી બજારના મતે આ નવ બેઠક ઉપર ભાજપ ફેવરિટ છે. બુકી બજારના મતે પોરબંદર સીટ સૌથી વધુ સુરક્ષિત છે. પાટણ અને બનાસકાંઠા બેઠક ઉપર મૂકી બજારના મતે રસાકસી રહે તેવી શક્યતા છે.

### હનુમાનજીના દર્શન કરી ચૂંટણી પ્રચાર શરૂ કર્યો

## અરવિંદ કેજરીવાલે પત્ની સાથે હનુમાન મંદિરમાં કર્યા દર્શન

### આ દરમિયાન દિલ્હીના સીએમ સાથે પંજાબના સીએમ ભગવંત માન અને સાંસદ સંજય સિંહ પણ હાજર હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ શનિવારે છઉઁ માટે ચૂંટણી પ્રચાર શરૂ કરતા પહેલા હનુમાન મંદિર પહોંચ્યા અને બજરંગ બલીના દર્શન કર્યા હતા. આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ બજરંગ બલીના આશીર્વાદ લેવા માટે રાષ્ટ્રીય રાજધાનીના કનોટ પ્લેસના પ્રખ્યાત હનુમાન મંદિર પહોંચ્યા હતા. સીએમ અરવિંદ કેજરીવાલે તેમની પત્ની સુનીતા કેજરીવાલે હનુમાન મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. આ દરમિયાન દિલ્હીના સીએમ સાથે પંજાબના સીએમ ભગવંત માન અને AAP સાંસદ સંજય સિંહ પણ તેમની સાથે હાજર હતા.બજરંગ બલીના દર્શન કર્યા બાદ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે



હનુમાનજીના આશીર્વાદ તમામ દેશવાસીઓ પર રહે તેવી શુભેચ્છા પાઠવી છે. આ પહેલા સુનીતા કેજરીવાલ હનુમાન જયંતિ (૨૩ એપ્રિલ) પર હનુમાન મંદિર પહોંચ્યા હતા. તે સમયે તેમણે કહ્યું હતું કે, લોકસભા ચૂંટણી પ્રચાર માટે ૧૦ મેના રોજ સુપ્રીમ કોર્ટમાંથી વચગાળાના જામીન મળ્યા.

### અબ્દુને તેના સપનાની છોકરી મળી ગઈ

## દેશના દરેક લોકોના દિલ જીતી લેનાર અબ્દુ ભારતમાં પ્રખ્યાત

### રિયાલિટી શો બિગ બોસ ૧૬માં ખૂબ ધૂમ મચાવનાર અબ્દુ રોજિક સૌના લાડલા અને ચહીતા બની ગયા છે

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

રિયાલિટી શો બિગ બોસ ૧૬માં ખૂબ ધૂમ મચાવનાર અબ્દુ રોજિક સહુ કોઈના લાડલા અને ચહીતા બની ગયા છે. તે આજે કોઈ ઓળખાણનો મોહતાજ નથી રહ્યો. દેશના દરેક લોકોના દિલ જીતનાર અબ્દુ ભારતભરમાં પ્રખ્યાત થઈ ગયો. સલમાન ખાન સહિત સમગ્ર બોલિવૂડમાં તેના ફેનફોલોઈગસ છે. ૩ ફૂટ ઉંચા અબ્દુ રોજિકે શો દરમિયાન કહ્યું હતું કે, હું ઈચ્છુ છું કે, એવુ કોઈ મારા જીવનમાં આવે જેની સાથે હું લગ્ન કરી શકું. હવે અબ્દુનું સપનું પૂરું થવા જઈ રહ્યું છે, અબ્દુને તેના સપનાની છોકરી મળી ગઈ છે. અબ્દુ રોજિકે પોતે આ વિશે જણાવ્યું છે અને પોતાના લગ્નની તારીખ પણ જણાવી છે. અબ્દુ રોજિકે પોતાની



નિર્દોષતાથી સૌના દિલ જીતી લીધા. દરેક વ્યક્તિ તેના ગીતોના પ્રેમમાં પડી ગયો. હવે અબ્દુએ તેના ચાહકોને ખૂબ જ સારા સમાચાર આપ્યા છે કે તે લગ્ન કરવા જઈ રહ્યો છે. અબ્દુ રોજિકે એક વીડિયો શેર કર્યો છે જેના કેપ્શનમાં તેણે લખ્યું છે કે, 'મેં ક્યારેય વિચાર્યું ન હતું કે મારા જીવનમાં કોઈ આવશે.

## તંત્રી લેખ...

# ‘સત્ય અને સંગ’ શબ્દો પર મનન કરવું જરૂરી છે

સત્સંગમાં ઈશ્વરીય ચર્ચા દરમ્યાન સત્ય બોલવા, સદાચાર અપનાવવા, કામ-ક્રોધ અને મોહ-લોભ જેવા વિકારોથી મુક્ત જીવન જીવવાનો ઉપદેશ આપવામાં આવે છે. આ ઉપદેશોને સાંભળનારા વ્યક્તિનું જીવન જો બદલવા લાગે અને સત્સંગમાં ગયા બાદ વ્યક્તિના સ્વભાવમાં ક્રોધ વગેરે વિકાર હતા તે ખતમ થવા લાગે તો એમ માની શકાય કે સત્સંગમાં આપેલા ઉપદેશોની કોઈ અસર થઈ. આ તો બાહ્ય જગતના સત્સંગની કહાની છે. સત્સંગ શબ્દ પર ઊંડાણથી નજર નાખીએ તો તેમાં ‘સત્ અને સંગ’ બે શબ્દો જોડાયેલા છે. એટલે કે ‘સત્યનો સંગ.’ એનાથી સ્પષ્ટ થાય છે કે સત્ય સાથે જીવન જીવવું સૌથી મોટો સત્સંગ છે. આ સંબંધે ‘સત્ય અને સંગ’ શબ્દો પર મનન કરવું જરૂરી છે. સત્ય એ છે કે પહેલા સ્તર પર ‘તન’ હોય છે. આ તન ઈશ્વરીય શક્તિઓનું એક રીતે નિવાસ સ્થળ છે. જે રીતે વિશિષ્ટ જનોના રોકાવા માટે સાફસૂથરા અતિથિ ગૃહ હોય છે. એ જ રીતે ભગવાનના રહેવાનું તન જ અતિથિ ગૃહ છે. તેમાં જ્યારે ઊર્જા રૂપે ચેતના શક્તિ આવી જાય છે ત્યારે પંચભૌતિક શરીર મહત્ત્વપૂર્ણ થઈ જાય છે. આ જ ચેતના શક્તિ નીકળી ગયા બાદ શરીર મૃત થઈ જાય છે અને અંતિમ સંસ્કાર કરી દેવામાં આવે છે. આ ચેતના શક્તિનું પ્રતિનિધિ ‘મન’ હોય છે. ‘મન’ સર્વોચ્ચ ન્યાયાધીશ પણ હોય છે. જરા સરખું સત્ય આચરણથી હટતાં ‘મન’ની અદાલતથી અવાજ આવે છે કે ‘કંઈ ખોટું થઈ રહ્યું છે.’ આ અવાજને દબાવીને બાહ્ય આકર્ષણો પાછળ ભાગવાનો મતલબ ‘સત્ય’થી ‘સંગ’નો વિચ્છેદ થઈ જવું છે. હવે એ કેવી રીતે નક્કી કરવું કે શું અસત્ય છે અને શું સત્ય? ત્યારે આ આંતરિક સત્સંગ અનુસાર જે કામ માટે સંતાકૂકડીની નોબત આવે, તે અસત્ય અને જે કામમાં તેની નોબત ન આવે તે જ સત્ય છે. આ પ્રકારે આંતરિક સત્સંગ જીવનને રૂપાંતરિત કરી દે છે. કાયમ સત્ય બોલવામાં ઘણાં જોખમો રહેલા છે. નોકરી-ધંધામાં, સામાજિક સંબંધોમાં કે અન્ય પ્રસંગોએ સત્ય બોલવાથી પ્રમોશન અટકી જાય, ધંધામાં અમુક રીતે નુકશાન જાય. સંબંધોમાં ઓટ આવે વગેરે. પણ સત્યનિષ્ઠ વ્યક્તિ કોઈ પરવા કર્યા સિવાય સત્યની રાહ પર ચાલ્યો જાય છે. શ્રી માતાજીનું અન્ય એક વિધાન, ‘સત્યની પૂજા કરો. તે જૂઠાણામાંથી તમારી શુદ્ધિ કરશે.’ આ વિધાનમાં સત્યની પૂજા એટલે સત્યનો આદર કરવો તેમ સમજવાનું છે. સત્ય બોલનાર તો શુધ્ધ જ છે. માટે જ તે સત્ય બોલી શકે છે. અહીં ‘જૂઠાણામાંથી તમારી શુદ્ધિ કરશે નો અર્થ એ છે કે કાંઈકના જૂઠા વિધાનોથી વિરમાઈને એને જ સત્ય માનીને તમે આગળ ગયા હો, પણ ઈશ્વરને તો તમારી સત્યપ્રિયતાની જાણ છે જ. તે તમને જૂઠાણાથી બચાવી, યોગ્ય સમયે જૂઠાણાંનો પદાર્ફાશ કરી તમને સત્યની રાહ પર ફરીથી લાવી તમારા મનનું શુદ્ધિકરણ કરશે.

## જ્યારે તમે અજ્ઞાનતાને લીધે અવઢવમાં હોવ છો ત્યારે તમે ચિંતિત અને ઉત્તેજિત થાવ



જો તમને ચેતનાની અનિશ્ચિતતાનો, અસંદિગ્ધતાનો, ખ્યાલ આવે છે તો તમે દુનિયાની અનિશ્ચિતતા બાબતે નચિંત થઈ શકો છો. લોકો મોટા ભાગે એનાથી વિપરીત કરે છે. તેઓ દુનિયા બાબતે નિશ્ચિત, સ્પષ્ટ હોય છે અને ઈશ્વર બાબતે અનિશ્ચિત, અસ્પષ્ટ. જે ભરોસાપાત્ર નથી તેના પર લોકો આધાર રાખે છે અને વ્યાકુળ થાય છે. અનિશ્ચિતતા સ્થિરતા માટે ઝંખના ઉત્પન્ન કરે છે. દુનિયામાં જે સૌથી વધુ સ્થિર, નિશ્ચિત વસ્તુ છે, તે છે ચેતના. પરિવર્તન એ દુનિયાની પ્રકૃતિ છે અને સ્થિરતા એ ચેતનાની. તમારે અપરિવર્તનશીલ છે તેના પર મદાર રાખવો જોઈએ અને જે પરિવર્તન છે તેનો સ્વીકાર કરવો જોઈએ. જો તમે દ્રઢપણે માનતા હોવ કે બધું પરિવર્તનશીલ છે તો તમે મુક્તિ પામો છો. જ્યારે તમે અજ્ઞાનતાને લીધે અવઢવમાં હોવ છો ત્યારે તમે ચિંતિત અને ઉત્તેજિત થાવ છો. સજગતા સાથે અનિશ્ચિતતાનો સ્વીકાર એક સ્મિત સાથે ચેતનાની ઉચ્ચ અવસ્થા લાવે છે. લોકો મોટા ભાગે એવું માને છે કે નિશ્ચિતતા એટલે મુક્તિ. જ્યારે તમે નિશ્ચિત નથી હોતા ત્યારે તે મુક્તિનો અનુભવ કરો છો તો તે ખરેખરી મુક્તિ છે. મોટા ભાગે તમારી નિશ્ચિતતા કે અનિશ્ચિતતા સાપેક્ષ દુનિયા આધારિત હોય છે. સાપેક્ષની અનિશ્ચિતતાની સ્પષ્ટ સમજ હોવી એ તમને જે સંપૂર્ણ છે તેના અસ્તિત્વ વિશે નિશ્ચિત બનાવે છે તથા તેના માટે દ્રઢ શ્રધ્ધા પણ સ્થાપિત કરે છે. માત્ર જ્ઞાન થકી વ્યક્તિ અનિશ્ચિતતાઓની વચ્ચે પણ ઉત્સાહિત રહી શકે છે. મોટા ભાગે જે લોકો અનિશ્ચિત હોય છે તેઓ નિષ્ક્રિય રહે છે; તેઓ માત્ર બેસીને રાહ જુએ છે. અનિશ્ચિતતા દરમ્યાન પણ સક્રિય રહેવું એ જીવનને એક ખેલ, એક પડકાર બનાવી દે છે. અનિશ્ચિતતામાં હોવું એટલે જતું કરવું. દુનિયાની સાપેક્ષતાને નિશ્ચિતપણે માનવાથી નિષ્ક્રિયતા જન્મે છે. ચેતના વિશેની અનિશ્ચિતતા ડર ઉત્પન્ન કરે છે. ભૌતિક પદાર્થોની અનિશ્ચિતતા ચેતના વિશે નિશ્ચિતતા લાવે છે. જ્યારે તમને લાગે છે કે સમય બહુ ઓછો છે ત્યારે તમે કાં તો વ્યાકુળ હોવ છો અથવા વિસ્તૃત જાગૃતિની અવસ્થામાં. જ્યારે તમને એવું લાગે છે કે સમય ઘણો લાંબો છે ત્યારે કાં તો દુખી હોવ છો અથવા જીજ્ઞાસાસભર હોવ છો. જ્યારે તમે ખુશ હોવ છો અને કંઈક ગમતું કરતા હોવ છે તો તમને સમયની જાણ રહેતી નથી. જ્યારે તમે સમય કરતાં વહેલા હોવ છો ત્યારે તમે ઢસડાવ છો અને કંટાળાજનક લાગે છે. જ્યારે સમય તમારા કરતાં આગળ હોય છે ત્યારે તમે અચંબામાં અને આઘાતમાં પડી જાવ છો. ઘટનાઓનો ખેલ તમે સમજી શકતા નથી. ગહેરા ધ્યાનમાં તમે જ સમય હોવ છો અને દરેક વસ્તુ તમારી અંદર થઈ રહેલી હોય છે. ઘટનાઓ તમારામાં ઘટીત થઈ રહી હોય છે, જેવી રીતે આકાશમાં વાદળો આવે અને જાય છે. જ્યારે તમે સમય હોવ છો ત્યારે તમે જ્ઞાનમાં અને શાંતિમય હોવ છો. જ્યારે મન ખુશ હોય છે ત્યારે તે વિસ્તૃત થાય છે અને સમય ખૂબ ટૂંકો લાગે છે. જ્યારે મન દુખી હોય છે ત્યારે તે સંકુચિત થાય છે અને સમય ખૂબ લાંબો લાગે છે. જ્યારે મન સંતુલિત હોય છે ત્યારે તે સમયને પાર કરી જાય છે. આ બે પરાકાષ્ઠામાંથી છટકવા માટે ઘણા મદ્યપાન અથવા નિંદ્રાનો આશરો લે છે.

---

### દસ હાથ વાળી સુપર વુમન એટલે જ મા એવું શું કામ! શું મા ને એક આમ ઈન્સાન તરીકે અપનાવી ન શકાય?

# ક્યાં સુધી આવા પ્રેશરમાં એને જીવવાનું! બધી રીતે આપણે પરિવર્તન ને સ્વીકાર્યું છે તો આમાં કેમ નહીં?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સૌને થશે કે કેટલું વિચિત્ર શીર્ષક છે, પણ આજે મધર્સ ડે નિમિત્તે આનાથી વધુ મા ને કોઈ શ્રદ્ધાંજલિ કે શુભેચ્છા ન હોય શકે, માટે એ જ લખવું એવું વિચારીને લખું છું, આપ સૌ પણ આ બાબત સો ટકા સંમત થશો.**

મધર્સ ડે નિમિત્તે હું અને મા! અને હું પણ છું મા! એ રીતે મા ને આલેખીયે! મધર્સ ડે નિમિત્તે શું લખું એમ વિચારતી હતી, અને વિચાર્યું કે દસ હાથ વાળી સુપર વુમન એટલે જ મા એવું શું કામ! શું મા ને એક આમ ઈન્સાન તરીકે અપનાવી ન શકાય? ક્યાં સુધી આવા પ્રેશરમાં એને જીવવાનું! બધી રીતે આપણે પરિવર્તન ને સ્વીકાર્યું છે તો આમાં કેમ નહીં? એટલે મધર્સ ડે નો લેખ આ શીર્ષકથી જ લખવાનું વિચાર્યું. સૌને થશે કે કેટલું વિચિત્ર શીર્ષક છે,પણ આજે મધર્સ ડે નિમિત્તે આનાથી વધુ મા ને કોઈ શ્રદ્ધાંજલિ કે શુભેચ્છા ન હોય શકે, માટે એ જ લખવું એવું વિચારીને લખું છું, આપ સૌ પણ આ બાબત સો ટકા સંમત થશો. હું અને મા એ રીતે જોઈએ તો આજથી ચાલીસ પચાસ વર્ષ પહેલાં મા એટલે કે એક સ્ત્રી એ એક ત્યાગમૂર્તિ હતી, મમતા મૂર્તી હતી, સમર્પણની દેવી હતી, અને પતિવ્રતા સ્ત્રીનાં સંસ્કારો સીંચનારી એક આર્ય નારી હતી. એને પોતાના માટે જીવનમાં કદાચ એક પણ પળ જીવી નહોતી, એમ કહી શકાય, અને એ રીતે જોઈએ તો એમ પણ થાય દેવી કહેવડાવવા માટે ગમે તેવા પતિને સહન કરવાનો, ને સાચી ને સારી મા કહેવડાવવા માટે યોગ્ય કે અયોગ્ય સંતાન ને સહન કરવાનાં ! આ થોડું વધુ પડતું નથી! અને સાચે એ રીતે એની સાથે અન્યાય પણ કર્યો હોય, એવી ભાવના પણ આજે સૌને થાય છે! જે જરાય અતિશયોક્તિ નથી. ખરેખર જીવનભર મા બની રહેવા માટે એણે કેટકેટલું સહન કર્યું હશે! ભલે એ કોઈ ઔપચારિકતા નહોતી પણ આજે મા નથી ત્યારે બધું બહુ જ યાદ આવે છે. પરંતુ આજે ચિત્ર બદલાઈ ગયું છે, અને એ સાચું છે કે ખોટું, એમાં ગયા વગર એક વાત તો કહેવી જ પડે કે યુગ પરિવર્તન તરફ આગળ વધી રહ્યો છે, અને કોઈ છોછ વગર આજની પેઢી એને અપનાવી રહી છે. આજે ઘણાં એવા પુરુષો હશે, જેને મન કવિ બોટાદકરની મીઠા મધુ ને મીઠા મેહુલા રે લોલ! એ કાવ્ય મુજબ જીવે એ જ મા! પણ શું કામ! આડકતરી રીતે એવું પણ સાબિત થાય છે, કે એ યુગ પુરુષ પ્રધાન હતો, જ્યારે આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે, અને આજે મારો દીકરો, મારી પુત્રવધૂનાં નિર્ણયને માન આપે તો મારે ખુશ થવું જોઈએ કે દુ:ખી? ચોક્કસ પણે ખુશ થવું જોઈએ! કે કમ સે કમ એક જણ તો એ પણ માણસ છે એવું સમજે છે,બસ એ જ જરૂરી છે, પણ બધાં આ સ્વીકારી શકતા નથી, એ વાત વિકાસની આડે આવે છે. આમ જુવો તો બાળકનાં મનમાં એ નાંખવા વાળા પણ આપણે જ છીએ, કે આવી તે કંઈ માતા હોતી હશે! જરાક ચૂક માતા માટે શું માફ નથી? અરે કોઈ વાર કંઈ ચૂક થાય તો હશે હવે થાય ! ચીલ યાર ! એવું કેમ નહીં?? હું પણ એક મા! તરીકે મારે એટલું જ કહેવું છે, કે બહુ ઈમાનદારીથી કબુલવું પડે કે, મારી મા એ જે મા બની ને સહન કર્યું, કે કર્તવ્ય કર્મના નામે કર્યું એટલું મેં નથી કર્યું, પછી તે વિકાસ કહો, કે સમાજનું પરિવર્તન કહો! પણ એ હકીકત છે. પણ બીજી રીતે જોઈએ તો, મેં જે સહન કર્યું એ બધું જ મારી દીકરી અને પુત્રવધુ સહન કરે તો જ એ સાચી મા છે! એ વાત સાથે હું બિલકુલ સંમત નથી, એને વિજ્ઞાન અને વિકાસ ને અપનાવવાનો પૂરેપૂરો અધિકાર છે, કાશ! આવો વિચાર મા માટે મને પહેલા આવવો જોઈતો હતો! જોકે માન સન્માન આપવું, કે ભેટ સોગાદ આપવી, દવાખાને દેખાડવા લઈ જવી, અને એના કામ કરી દેવાં, કે એની કષ્ટી ઓછી થાય એવું ચોક્કસ થયું હશે? એને ભાવતી વસ્તુઓ બનાવી કે લાવી આપવી, પણ ક્યારેક એનો પક્ષ લઈને એની ઢાલ બનવું જોઈતું હતું એવું ન થયું, અને એટલે મને લાગે છે કે, એના ત્યાગ બલિદાન માટે આપણાથી થયેલું કાર્ય સાવ ઓછું છે, અને રચનાત્મક વાતો કે કવિતા લખી નાખવી, શું એટલું પુરતું છે?? ના જરાય નહીં! પણ આજે એ વિચાર પણ આવે છે, કે મા માટે જ શું કામ આવી કોઈ રેખા સમાજે દોરી? અને દોરી તો દોરી પણ સંતાને પણ, એમ જીવે તો જ એ મા એવું શું કામ વિચારવું જોઈએ! એ દરેક સંતાન એ વિચારવા જેવો પ્રશ્ન છે. અને સાચું કહું તો જનરેશન ગેપ આવી ખોખલી વિચારધારા ને કારણે જ વધતો જાય છે, આપણી અપેક્ષા મુજબ જ જીવે તો એ સારાં એવું શું કામ વિચારવું જોઈએ! થોડું થોડું જતું કરતા શીખીએ તો એ પણ આપણી પરંપરા અને સંસ્કૃતિ અવશ્ય સ્વીકારે! અને આમ પણ મા એ મા જ છે, પછી એ પ્રાચીન હોય કે અર્વાચીન! અને એને વિષે કોઈ પુરુષ ને યોગ્ય છે, કે અયોગ્ય છે, એ કહેવાનો હક્ક ક્યારેય નથી! તો પુરુષ મહાન નથી એવું કહેવાનો મતલબ નથી,પણ એની માટે નવ વાક્ય પણ બોલવા માટે એ નવ મહિના એણે ગર્ભમાં ઉછેર્યા ત્યારે જ એનો જન્મ થયો, અને ત્યારથી કેટલીય વસ્તુઓ ત્યાગી હશે, એટલું યાદ રાખવું એ પુરતું છે. તો હું અને મા તરીકે ખરેખર મા જ શ્રેષ્ઠ છે, પણ હું પણ છું મા એ રીતે હું આવું વિચારીને શ્રેષ્ઠ કદાચ મા ભલે ન કહેવાઉં તો કંઈ નહીં, પણ એક સ્ત્રી તરીકે સાચીને સારી થવાની કોશિશ જરૂર કરીશ, કારણકે સમાજે દોરેલા અમુક શબ્દ ચિત્રો મા ફીટ બેસવા માટે આજની યુવાન માતા ઘણું પ્રેશર અનુભવે છે. કેમ કે એણે એ સિવાય ઘણી ચેલેન્જ એક્સેપ્ટ કરી છે. પણ બીજી રીતે વિચારીએ તો આજની પેઢી જે રીતે સોશ્યલ મીડિયા પર રજૂ થાય છે એટલી હદે સમજૂ અને સંસ્કારી નથી! એટલે કે માતૃ દેવો ના પાયા પર ઉભેલી ભારતીય સંસ્કૃતિના અત્યાધુનિક સમાજમાં ક્યાંક ક્યાંક સંતાન માટે માતા પિતા ભારરૂપ થતાં દેખાય છે. એનું કારણ છે શિક્ષણને નામે યુવાનો સ્વતંત્ર અને સ્વચ્છંદ થતાં જાય છે, જીવનમાં મોજશોખ માટે મોંઘા પ્રસાધનો અપનાવવાની શરૂઆત કરી તેના આદિ બનતા ગયાં. ઓછા રૂપિયામાં કેમ ગુજારો થાય એમ કરીને, એમણે કરેલાં ત્યાગ બલિદાન અને સમર્પણ ભૂલી જઈને માત્ર પોતાનું કર્તવ્ય કર્મ ભૂલી માતા-પિતાને ત્યાગી દીધાં. માતૃ દેવની વંદના આ મધર્સ ડે નિમિત્તે જો સાચે કરવી હોય, તો ભાવ વગરની માત્ર રચનાત્મક વાતો કરવાનું બંધ કરી તેને વધુમાં વધુ ખુશી આપવાની કોશિશ કરીએ, તો એ દેવી આરાધના બરાબર છે, એવું સ્વયં ભગવાન આદિદેવ જગતગુરૂ શંકરાચાર્યે પોતાના નિવેદનમાં કહ્યું છે, અને આચરણમાં પણ મુક્યું છે. પોતે વિરક્ત સંન્યાસી હોવા છતાં, માતાનું દેહાંત થતાં તેની અંતિમવિધિ અને શ્રાદ્ધ કાર્ય કરવાં સમાજમાં પાછા આવ્યા હતાં. બસ માતા વિશે તો બીજું શું લખી શકીએ, અને લખવું હોય તો પાનાંના પાનાં ભરાય, છતાં હજી બાકી છે, એવું જ લાગે! માતા એટલે માતા એને બીજા કોઈ વિશેષણની જરૂર નથી. ઉચ્ચ શિક્ષણ મેળવીને ડોક્ટર, એન્જિનિયર, કે ચાર્ટડ એકાઉન્ટન્ટ, કે પ્રિન્સિપાલ, પ્રોફેસર કે પછી વૈજ્ઞાનિક તરીકે કામ કરતી માતા પણ માતા જ છે, અને શેરી વાળવા આવતી કે ઘરે કામ કરવા આવતી શ્રમિક વર્ગની મહિલાઓ પણ માતા બને એટલે માતા જ છે, એમાં કોઈ અલગ સ્પેસિફિકેશન હોતું નથી. મધર્સ ડે ની સાચી ઉજવણી કરવી હોય, તો માતા-પિતાને એના જીવતા જ માન આપવાનું શીખીએ, વૃદ્ધાશ્રમો ઓછા થાય, તેમાં આ રીતે ગડદી ન થાય એ જોવાની પણ આપણાં સૌની ફરજ છે. મધર્સ ડે નિમિત્તે સ્થૂળ સૂક્ષ્મ અને કારણ શરીરને જન્મ દેનારી માતાના ચરણોમાં કોટી કોટી વંદન.

---

### પ્રેમભક્તિ વગરનું જ્ઞાન નકામું છે, યશોદા, નંદબાબા અને ગોપીઓનો શ્રી કૃષ્ણ પ્રેમ જોઈ ઉદ્ધવનો જ્ઞાન ગર્વ ઊતરી ગયો

# કેવળ જ્ઞાનથી કે કેવળ ભક્તિ થી મનુષ્ય પૂર્ણ બનતો નથી, જીવનમાં બંનેનો સમન્વય કરી પ્રેમમય જીવન જીવવાથી પ્રભુની પ્રાપ્તિ થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**જ્ઞાનમાં પણ અભેદ સિદ્ધ થાય છે પરંતુ ભક્તિમાર્ગ સરળ છે, ત્યારે જ્ઞાનમાર્ગ અઘરો છે, રોજ પ્રભુને કહો, નાથ,હું તારો છું પણ તમે મારા નથી! સમુદ્રમાં તરંગ છે, પણ તરંગને સમુદ્ર ન કહી શકાય.**

ભગવદ્ ગીતા જ્ઞાનમાં ભચિંતન મનન થકી આજે કંઈક જાણવા પ્રયત્ન કરીએ તો સંયોગમાં ચક્ષુદર્શન, વિયોગમાં માનસદર્શન! સાથે રહેતાં પતિ કરતાં પરદેશ ગયેલા પ્રિયતમમાં પત્નીનું મન નિશ્ચલ ભાવથી લાગી રહે છે. વિયોગ એ વિશિષ્ટ યોગ છે. ગોપીઓને તેનું દાન કરવા શ્રીકૃષ્ણ તેમનાથી જુદા પડયા છે. ગોપીઓ, તમારો-મારો વિયોગ થશે નહીં. હું તમારી પાસે જ છું. તમે તમારા સ્વરૂપને યાદ કરો. તમે ગોલોકની નિત્યાસિદ્ધા ગોપીઓ છે. પ્રેમલક્ષણા ભક્તિ પાંચમો પુરુષાર્થ છે. ભક્તમાં અભેદ સિદ્ધ થાય છે. જ્ઞાનમાં પણ અભેદ સિદ્ધ થાય છે પરંતુ ભક્તિમાર્ગ સરળ છે, ત્યારે જ્ઞાનમાર્ગ અઘરો છે. રોજ પ્રભુને કહો, નાથ,હું તારો છું પણ તમે મારા નથી! સમુદ્રમાં તરંગ છે, પણ તરંગને સમુદ્ર ન કહી શકાય. યશોદા, નંદબાબા અને ગોપીઓનો શ્રી કૃષ્ણ પ્રેમ જોઈ ઉદ્ધવનો જ્ઞાન ગર્વ ઊતરી ગયો. પ્રેમભક્તિ વગરનું જ્ઞાન નકામું છે તેનું તેને ભાન થયું. ઉદ્ધવને ખાતરી થઈ કે, જ્ઞાન કરતાં પ્રેમ શ્રેષ્ઠ છે. ઉદ્ધવને ગોકુળ છોડવાની ઈચ્છા થતી નથી. ઉદ્ધવજી ગોકુળમાં ગયેલા ગુરુ થવા, પણ ગોપીઓના ચેલા બની ગયા.હવે ઉદ્ધવ ભગવાન પાસે ગોપીઓ જેવી અનન્ય ભક્તિ માગે છે. કહે છે કે, મારે બીજું કાંઈ જોઈતું નથી,ફક્ત પ્રેમલક્ષણા ભક્તિ આપો.ઉદ્ધવેછેવટેવૃંદાવનમાંલતાકે વૃક્ષ થવાનું માગ્યું છે,જેથી ગોપી ઓની ચરણરજનો સ્પર્શ થાય. ઉદ્ધવ કહે છે કે, મહામુનિઓ જેને શોધે છે, તે ભગવાનને ગોપીઓએ વિના પ્રયાસે પ્રાપ્ત કર્યા છે. એવી આ ગોપીઓની ચરણરજમાં સ્નાન કરી હું ધન્ય બની જઈશ. આ વૃંદાવનમાં મને મનુષ્યાવતાર ન મળેતો કાંઈ નહીં, પણ તું વૃક્ષ, લતા કે ઔષધિના છોડ તરીકે જન્મ્યું તો પણ ઘણું છે, તો પણ હું કૃતાર્થ થઈશ. આ મારી પ્રાર્થના છે! ગોપીઓના સત્સંગમાં રહીને, ગોપીઓની આ જ્ઞાનોત્તર ભક્તિ નો અનુભવ ઉદ્ધવને થયો છે. ઉદ્ધવને પ્રેમલક્ષણા ભક્તિનું જ્ઞાન થયું છે. હવે ઉદ્ધવ દરેકનાં ચરણમાં વંદન કરે છે. શ્રીકૃષ્ણવિરહમાં જીવનું વર્તન કેવું હોય, જીવન કેવું હોય તેનો આદર્શ આ ગોપીઓએ જગતને બતાવ્યો છે. ઉદ્ધવને છેવટે જવાની આજ્ઞા મળી. ઉદ્ધવ જવા તૈયાર થયા છે. વિદાય વખતે નંદબાબા ઉદ્ધવને કહે છે કેઃ ઉદ્ધવજી, હવે અમે એટલું જ ઈચ્છીએ છીએ કે, અમારા મનની એક એક વૃત્તિ, એક એક સંકલ્પ શ્રીકૃષ્ણનાં ચરણ કમળનો જ આશ્રય કરીને રહે! ઉદ્ધવજી, અમે સાચું કહીએ છીએ કે, અમને મોક્ષની પણ બિલકુલ ઈચ્છા નથી. અમારી માત્ર એક જ ઈચ્છા છે કે, ભગવાનની ઈચ્છાથી અમારાં કર્મો અનુસાર જે કોઈ યોનિમાં અમારો જન્મ થાય, તે તે જન્મમાં અમે શુભ આચરણ કરીએ, દાન કરીએ અને તેના ફળ સ્વરૂપે અમારા ઈશ્વર શ્રીકૃષ્ણમાં અમારી પ્રીતિ ઉત્તરોત્તર વધતી રહે! સંદેશો કહેતાં નંદબાબા અને સર્વ ગોપ-ગોપીઓ રડી. પડયાં છે. નંદબાબાની આ ઈચ્છાએ સમસ્ત ભાગવતનું હાર્દ. સૌએ સતત એનું ચિંતન-મનન કરતા રહેવા જેવું છે. નંદબાબાની આ પ્રાર્થના, શ્લોકો મારા પ્રિય શ્લોકો છે. વિષયોમાં વૈરાગ્ય આવે અને શ્રીકૃષ્ણભક્તિ મળે તે માટે ઘણા મહાત્માઓ આ શ્લોકોના સંપુટ આપી આખા ભાગવતનો પાઠ કરે છે. નંદબાબા કહે છે, સંસારમાં ક્યાંય મારું મન જાય નહીં. મારી વાણી શ્રીકૃષ્ણ નામનો જપ કરે અને મારી આંખો જ્યાં જાય ત્યાં તેને શ્રીકૃષ્ણનાં દર્શન થાય! ઉદ્ધવ, એટલું ખાસ કહેજે. કદાચ મારા પ્રારબ્ધ કર્મથી મને જન્મ લેવાનો પ્રસંગ આવે તો પવિત્ર વૈષ્ણવના ઘરમાં મને જન્મ આપે કે, જ્યાં હરહંમેશ શ્રીકૃષ્ણ કથા, શ્રીકૃષ્ણ કીર્તન થતાં હોય, જે સાંભળી હું કૃતાર્થ બનું અને શ્રીકૃષ્ણ કીર્તન કરતાં કરતાં સેવા માં હું તન્મય બનું. મારે બીજી કોઈ ઈચ્છા જ નથી. યશોદાજી લાલા માટે સંદેશો આપે છે, ઉદ્ધવ, મારા લાલાને કહેજે કે, તેને જ્યારે ગોકુળમાં આવવાની ઈચ્છા થાય ત્યારે આવે. મારો લાલો જો ત્યાં આનંદમાં રહેતો હોય તો ત્યાં જ ભલે રહે? શ્રીકૃષ્ણ વિરહમાં અમે અત્રે રહીશું અને રડીશું. શ્રીકૃષ્ણ કેવળ અમારા માટે અમને મળવાનો પરિશ્રમ ન કરે! અમારા સુખને માટે શ્રીકૃષ્ણને બિલકુલ પરિશ્રમ ન થાઓ! મારો લાલો જ્યાં હોય ત્યાં સુખી રહે. સંદેશો આપતાં યશોદાજી રયાં છે. આ પુષ્ટિભક્તિ છે. પુષ્ટિભક્તિમાં સ્વરૂપનો વિચાર નથી. પોતાના સુખનો વિચાર કરે તે શ્રીકૃષ્ણના સુખનો વિચાર કરી શકે નહીં. રાધાજીએ કહ્યું કે, ઉદ્ધવ, આ વાંસળી અને કામળી તું તારી સાથે લઈ જા! આ કામળી- કામળી ઘરમાં રાખી હું શું કરું? ઉદ્ધવ, એ તો મોટો રાજા થયો છે. તેને હું શું આપું? પણ મેં આ માખણ તૈયાર કર્યું છે, તે તું લઈ જા. તે લાલાને ખવડાવજે. પણ મારું નામ તેને દઈશ નહીં! આ પ્રમાણે બોલતાં હૃદય ભરાઈ આવે છે. ગોકુળ છોડી ઉદ્ધવનો રથ નીકળ્યો છે. ઉદ્ધવ વિચારે છે, હું માનતો હતો કે, શ્રીકૃષ્ણ કૃપાનિધિ છે, દયાના સાગર છે, પણ મને લાગે છે કે, તે નિષ્ઠુર છે. આ વ્રજવાસી ઓ કેવાં પ્રેમાળ છે! ઉદ્ધવે નિશ્ચય કર્યો કે,હું ભગવાનને ઠપકો આપીશ કે તમે નિષ્ઠુર છો. આ વ્રજવાસીઓના વિયોગીમાં મારો છો. ઉદ્ધવ મથુરા આવ્યા છે. શ્રીકૃષ્ણ સમજી ગયા કે, ઉદ્ધવ મને ઠપકો આપવાનો છે. તેથી તેમણે જ વાત શરૂ કરી, ઉદ્ધવ, તું પહેલાં તું મથુરામાં હતો ત્યારે મારા વખાણ કરતો હતો. હવે ગોકુળ જઈ આવ્યા પછી ગોપીઓનાં જ વખાણ કરે છે. ઉદ્ધવ, તું નિષ્ઠુર નથી. પછી ઉદ્ધવ પર વરદ હસ્ત પધરાવી સમાધિમાં ઉદ્ધવને દર્શન કરાવ્યાં કે, હું ગોકુળમાં જ છું! ઉદ્ધવ જુએ છે તો એક સ્વરૂપે શ્રીકૃષ્ણ મથુરામાં અને એક સ્વરૂપે ગોકુળમાં!સવારથી સાયંકાળસુધીની ગોપીઓ સાથેની એક એક લીલાનાં પ્રભુએ ઉદ્ધવને દર્શન કરાવ્યાં છે. એક સ્વરૂપે યશોદાની પથારીમાં આળોટે છે અને એક સ્વરૂપે રાધાજી સાથે શ્રીકૃષ્ણ રાસ રમે છે. પછી શ્રીકૃષ્ણ કહે છે, મારી માએ મને એવો બોધ બાંધ્યો છે કે,હું વૃંદાવન છોડીને જઈ શકતો જ નથી. ઉદ્ધવ, હું તને ભલે મથુરા માં દેખાઉ પણ હું ગોપીઓ પાસે જ છું. અરે, પાસે શું? ગોપીઓથી હું અભિન્ન છું. ગોપી-કૃષ્ણ એક જ છે. પીરુદ્ધયાગમનમાં ઉદ્ધવના જ્ઞાનનો અને ગોપીઓની સગુણ ભક્તિનો મધુર કલહ છે. કેવળ જ્ઞાનથી કે કેવળ ભક્તિથી મનુષ્ય પૂર્ણ બનતો નથી. જીવનમાં બંનેનો સમન્વય કરી પ્રેમમય જીવન જીવવાથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. પ્રભુની કૃપા અનુભવાય છે. એ આ ઉદ્ધવાગમનના પ્રસંગનું રહસ્ય છે.મનુષ્યશરીરમાં જે સ્થાન શીર્ષ નું છે, ભાગવતમાં તે દસમ સ્કંધનું છે. સમગ્ર ભારતમાં એ તરતમ્ય છે. શ્રીકૃષ્ણના પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપનું એમાં પૂર્ણ દર્શન કરાવ્યું છે. શ્રીકૃષ્ણની ગોકુળનીબાળલીલા ગોપલીલા અને રાસલીલા જીવ અને પરમાત્માની લીલાનું સ્વરૂપ છે. જીવની આગળ પરમાત્મા વિવિધ સ્વરૂપે પોતાને પ્રગટ કરતો જ રહે છે, પણ જીવ એ જોતા નથી.પણ જે પળે જીવને પરમત્માના સ્વરૂપની જરા જેટલી પણ ઝાંખી થાય છે. તે પળે તે જીવ પરમાત્માનો બની રહે છે. ગોપીરૂપ શરીરની ઈન્દ્રિયો શ્રીકૃષ્ણમાં પરોવાઈ જાપ અને સતત એનું જ ચિંતન કરી એનું ધ્યાન ધરી શ્રી કૃષ્ણમય બની જાય ત્યારે જીવને પણ બીજું કંઈ પ્રાપ્ત કરવાપણું રહેતું નથી. ઈશ્વર સર્વત્ર છે, સર્વમાં છે. એને પ્રાપ્ત કરવામાં કોઈ નવી ચીજવસ્તુ પ્રાપ્ત કરવાની નથી, નવું કંઈ છે જ નહીં. ઈશ્વર બહારનું કશું યે નથી. જે છે તે ઈશ્વર જ છે. એટલે ઈશ્વરની પ્રાપ્તિ, શ્રીકૃષ્ણનું દર્શન એ કેવળ પ્રાપ્તિની પ્રાપ્તિ છે. એમાં કેવળ જ્ઞાન કામ નહીં લાગે, જ્ઞાન અધૂરું છે. જ્ઞાન અને ભક્તિ પ્રેમના પણ બળને પ્રાપ્ત કરી શકતી નથી. દસમ સ્કંધમાં છેલ્લે ઉદ્ધવ-ગોપી નો સંવાદ છે. એ શ્રીકૃષ્ણના જીવન સંદેશને સચોટ વાણીમાં પ્રત્યક્ષ કરે છે. એનું શ્રવણ- મનન જીવને આનંદ આપે છે. કેવળ આનંદ નહીં, જીવનનું સાફલ્ય બક્ષે છે. ગોપીઓ પ્રેમલક્ષણા ભક્તિની આચાર્યા છે. ઘરમાં રહીને પ્રભુનું દર્શન કેવી રીતે કરવું તે ગોપીઓ બતાવે છે. શ્રીમદ્ ભાગવત પરમહંસોની સંહિતા છે. પરમાત્માને ભૂલેલો જીવ વાસનામાં સપડાયો છે. વાસનાના કારાગૃહમાંથી મુક્ત થઈ એ પ્રભુ પ્રેમના નિર્મળ ગોકુળમાં જઈ વસે તે જીવનો ઉદ્ધાર થાય. શ્રીકૃષ્ણ કથા એ જીવન ઉદ્ધારની કથા છે. જ્ઞાન એકલું શુષ્ક છે, નિર્મળ વૈરાગ્ય પણ એવો જ શુષ્ક છે.પણ જ્ઞાન અને વૈરાગ્યનોભક્તિ સાથે સંયોગ થાય તો પ્રભુપ્રાપ્તિનું સર્વોત્તમ સાધન પ્રાપ્ત થાય છે. મન શુદ્ધ બને તો જ્ઞાનનો ઉદય થાય છે. ભક્તિ દ્વારા મનને શુદ્ધ કરવાનું છે અને પરિશુદ્ધ થયેલા મનને પરમાત્માનાં ચરણોમાં સમર્પિત કરવાનું છે. ગોપીઓ ની પેઠે ઈન્દ્રિયો સર્વાત્મભાવે પરમાત્માને, શ્રીકૃષ્ણ ને વરે અને શ્રીકૃષ્ણના વિયોગથી ઝરે તો પરા ભક્તિ પ્રાપ્ત થાય. ગોપીઓ પ્રેમ લક્ષણા ભક્તિનો આદર્શ આપણી સમક્ષ રજૂ કરે છે.

# તડકામાંથી ઘરે આવો ત્યારે તરત આ કામ કરવાનું ટાળો, નહીં તો બગડશે તબિયત



દિવસેને દિવસે ગરમીનો પારો વધતો જાય છે. આ ગરમીમાં ખાસ કરીને હેલ્થનું ધ્યાન રાખવુ ખૂબ જરૂરી છે. ગરમીમાં લૂ લાગવાના ચાન્સિસ પણ વધારે રહે છે. આમ, જ્યારે પણ ગરમીમાં તમે તડકામાંથી ઘરે આવો ત્યારે આ કામ કરવાનું ટાળો. મે મહિનામાં ગરમીનો પારો વધી જાય છે અને તાપમાન વધવાને કારણે લોકો હીટ વેવનો શિકાર બની રહ્યા છે. કાળઝાળ ગરમીમાં કોશિશ કરો કે બપોરના સમયે તડકામાંથી બહાર નીકળશો નહીં. કામકાજને કારણે બહાર નીકળવુ પડે છે તો તમે કેટલીક સાવધાનીઓ પૂર્વક બહાર નીકળો. કાળઝાળ ગરમીમાં બોડી હાઈડ્રેટેડ થઈ જાય છે જેના કારણે તાવ, ચક્કર જેવી સમસ્યાઓનો શિકાર તમે જલદી બનો છો. આમ, ઘણી વાર લોકો ગરમીમાંથી ઘરે આવે ત્યારે એવી ભૂલો કરતા હોય છે જેના કારણે સ્વાસ્થ્યને નુકસાન થાય છે અને તમે મોટી બીમારીની ઝપેટમાં આવો છો. તો જાણો ગરમીમાં બહારથી ઘરમાં આવો ત્યારે કઈ બાબતોનું ખાસ ધ્યાન રાખવુ જોઈએ. તમે જ્યારે પણ કાળઝાળ ગરમીમાંથી ઘરે આવો ત્યારે ક્યારેય પણ ફટાફટ એસી ઓન કરશો નહીં. એસી ચાલુ કરીને તમે બેસો છો તો બીમાર પડી શકો છો. આ માટે ગરમીમાં ઘરે આવો ત્યારે ખાસ કરીને પંખો ચાલુ પહેલાં કરો. આમ કરવાથી બોડીનું ટેમ્પરેચર નોર્મલ થઈ જશે અને શરીરનો પરસેવો સુકાઈ જાય ત્યારે એસી ચાલુ કરો. બહારથી ઘરે આવો ત્યારે ઠંડુ પાણી પીશો નહીં. ઠંડુ પાણી પીવાથી તમને તાવ આવી શકે છે. આ સાથે ગળુ ખરાબ થઈ શકે છે. આ સાથે શરદી-ખાંસીની સમસ્યા થઈ શકે છે. આ માટે ઘરે આવ્યા પછી થોડીવાર બેસો અને પછી ઠંડુ પાણી પીઓ. ગરમીમાં બહારથી ઘરમાં આવો ત્યારે તરત સ્નાન કરવાનું ટાળો. તરત સ્નાન કરવાથી તમે બીમાર પડી શકો છો. આ સાથે હીટસ્ટ્રોકનું જોખમ વધી જાય છે. આ માટે ગરમીમાં ઘરે આવ્યા પછી ક્યારેય તરત સ્નાન કરવાની આદત પાડશો નહીં.

# એક એવી મહિલા જેણે ૧૬ વર્ષથી ન તો અન્નનો દાણો ચાખ્યો, ન તો પાણી પીધું; જીવે છે કેવી રીતે?



એક યુટ્યુબર અને ટ્રાવેલર ડ્રૂ બિન્સ્કી ઈથોપિયાની રહેવાસી મુલુવર્ક એમ્બાવને મળ્યા અને તેને પૂછ્યું કે, શું આ ખરેખર સાચું છે? તે એટલા માટે કારણ કે મહિલા સાથે જોડાયેલી એક વાત ખૂબ જ પ્રચલિત છે જેના પર વિશ્વાસ કરવો મુશ્કેલ છે. શું આ શક્ય છે કે, કોઈ વ્યક્તિ વગર ખાધા-પીધા જીવિત રહી શકે? મેડિકલ ન્યૂઝ ટૂડે મુજબ, મનુષ્ય ૩ દિવસ સુધી વગર પાણી પીધા વગર જીવી શકે છે, જ્યારે અમેરિકાની સત્તાવાર વેબસાઈટ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ હેલ્થ અનુસાર વ્યક્તિ ૮ થી ૨૧ દિવસ ખાધા વગર રહી શકે છે. રિસર્ચમાં માલૂમ પડ્યું છે કે, વ્યક્તિ ૬૦ દિવસ સુધી પણ ખાધા વગર રહી શકે છે. જોકે, તેનાથી વધારે રહેવું આસાન નથી. પરંતુ બીજી તરફ, આફ્રિકાની એક મહિલાએ વિચિત્ર દાવો કર્યો છે. તેનું કહેવું છે કે, તે ૧૬ વર્ષથી વગર ખોરાક અને પાણી વિના જીવી રહી છે. યુટ્યુબર અને ટ્રાવેલર ડ્રૂ બિન્સ્કી હાલમાં ઈથોપિયાની રહેવાસી મુલુવર્ક એમ્બાવને મળ્યા અને પૂછ્યું કે, શું ખરેખર આ સાચું છે? હકીકતમાં મુલુવર્કથી જોડાયેલી આ ચોંકાવનારી વાત આસપાસના વિસ્તારોના લોકોમાં ખૂબ જ પ્રચલિત છે કે ૧૬ વર્ષથી ખાધા-પીધા વગર જીવી રહી છે. તે હાલમાં ૨૬ વર્ષની છે અને તેણે છેલ્લે જે ખાધું તે મસૂરની દાળમાંથી બનેલો સ્ટ્યૂ હતો.જ્યારે ડ્રૂ મહિલાના ઘરે પહોંચ્યો ત્યારે તેણે ધ્યાનથી જોયું કે તેનું ઘર, ગામના બાકી ગામવાસીઓના ઘરોથી આલિશાન અને કિલ્લાની જેમ સુરક્ષિત હતું. મહિલાના ઘરના અંદરનો લુક પણ કમાલનો હતો. ડ્રૉઈંગ રૂમમાં કેટલાક પોસ્ટર અને એન્ટીક વસ્તુઓ પણ રાખેલી હતી. ઘરે જેટલું સુંદર હતું, બાથરૂમ તેટલું જ ગંદકીથી ભરેલું હતું. તેણે કહ્યું કે, તે બાથરૂમનો ઉપયોગ કરતી નથી, ફક્ત તેની દીકરી અને બહેન કરે છે. તે તેનો મોટાભાગનો સમય ગાર્ડનિંગ કરવામાં વિતાવે છે. મહિલાએ કહ્યું કે, તે પોતાની દીકરી માટે ખાવાનું બનાવે છે, પરંતુ તેને ક્યારેય ખાવાની ઈચ્છા થતી નથી. ઈથિયોપિયાની રાજધાની અદીસ અબાબામાં ડૉક્ટર્સે તેની તપાસ કરી હતી અને તે ત્રણ વર્ષ સુધી ચાલી હતી. પરંતુ દર વખતે તે સંપૂર્ણ સ્વસ્થ જોવા મળી અને કંઈપણ આડુંઅવળું જોવા મળ્યું નથી. ડૉક્ટરોએ જોયું કે તેના આંતરડામાં ખોરાક અને પાણીના કોઈ નિશાન નથી. આ કારણે તેને મળ-મૂત્ર ત્યાગ કરવાની કોઈ જરૂર નથી. મહિલાએ કહ્યું કે, એક દિવસ અચાનક ન તો તેને ભૂખ લાગી કે ન તો તરસ. પરિવારજનો તેને ખાવાનું કહેતા ત્યારે તે જૂઠું બોલતી કે તેણે ખાઈ લીધું છે. મહિલાએ જણાવ્યું કે, તેણે દુબઈ અને કતારમાં પણ ડૉક્ટર્સને મળી છે, જેમણે તેની મેન્ટલ હેલ્થની તપાસ કરી જેમાં પણ કોઈ કમી દેખાય ન હતી. જ્યારે તે પ્રેગ્નેન્ટ હતી ત્યારે તેને ગ્લુકોઝ આપવામાં આવ્યું હતું, જેનાથી બાળક સ્વસ્થ રહી શકે. પરંતુ જન્મ પછી તે નવજાતને સ્તનપાન કરાવી શકી ન હતી. તેનું માનવું છે કે, ભગવાનના કારણે જ તેને ખાધા-પીધા વગર જીવવાની શક્તિ મળે છે. લોકો ફ્રોડ માને છે એ વાત પર તેણે કહ્યું કે, જો તેઓ તપાસ કરવા માંગતા હોય તો તેઓ આવીને મારી સાથે રહી શકે છે.

# ગરમીમાં કેમ માથુ દુખે છે? ગરમીમાં માથુ દુખવા પાછળ અનેક કારણો જવાબદાર



ગરમીમાં માથુ દુખવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. માથુ દુખે ત્યારે મોટાભાગના લોકો દવા લેતા હોય છે. પરંતુ તમે આ ઘરેલુ ઉપાયોની મદદથી સરળતાથી રાહત મેળવી શકો છો. ગરમીના દિવસોમાં અનેક લોકોને માથુ દુખાવાની ફરિયાદ વધારે રહેતી હોય છે. કાળઝાળ ગરમીમાં માથુ દુખવુ એ સામાન્ય સમસ્યા છે. પરંતુ ઘણી વાર અસહ્ય દુખવા લાગે છે જેના કારણે વ્યક્તિ કંટાળી જાય છે. આમ, કંઈક ફિઝિકલ એક્ટિવિટી વધી જાય તો માથુ દુખવાનું વધી જાય છે. ગરમીમાં માથુ દુખવા પાછળ અનેક કારણો જવાબદાર હોય છે. આ કારણોને તમે ધ્યાનમાં રાખો છો તો શરીરમાં થતી બીજી તકલીફોથી બચી જાવો છો. તો જાણો ગરમીમાં માથુ દુખે ત્યારે કયા કારણો જવાબદાર હોય છે. ડિહાઈડ્રેશનને કારણે માથુ દુખે છે તો આ સમસ્યામાંથી બચવા માટે દિવસભર પાણી પીઓ. તમે દિવસ દરમિયાન પાણી વધારે માત્રામાં પીઓ છો તો માથુ દુખવાની સમસ્યામાંથી રાહત મેળવી શકો છો. આ માટે તમે હેલ્ધી લિક્વિડ પીઓ. ખીરા, કાકડી, તરબૂચનો જ્યૂસ પીઓ. શરીરમાં પાણીની માત્રા ઓછી થઈ જાય છે તો માથુ દુખાવાની ફરિયાદ વધારે રહે છે. ગરમીમાં તમે ક્રીમ, સનસ્ક્રીન અને બીજા લોશનનો ઉપયોગ કરો. ક્યારેય પણ ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર દવા લેશો નહીં. રિસર્ચ અનુસાર લીલા શાકભાજીને તમે ડાયટમાં એડ કરો. લીલા શાકભાજી ખાવાથી માઈગ્રેન અને માથાના દુખાવાની સમસ્યામાંથી તમને રાહત થઈ જાય છે. લીલા શાકભાજીમાં ફોલિક એસિડ, મેગ્નેશિયમ, આયરન, વિટામીન બી૬ અને બી૧૨ જેવા પોષક તત્વો હોય છે. આ માટે ગરમીમાં લીલા શાકભાજી ખાવાનું રાખો. ગરમીમાં ડાયટમાં ફેટી ફિશ એડ કરો. ફેટી ફિશમાં વિટામીન બી અને બી૨ હોય છે, જે તમને માથાનો દુખાવો થતા રોકે છે. હેલ્ધી ફૂડ્સ તમને બીમાર થતા રોકે છે. ડાયટમાં સીડ્સ તેમજ નટ્સ એડ કરો છો તો માથાના દુખાવામાંથી રાહત થઈ જાય છે. સીડ્સ અને નટ્સમાં મેગ્નેશિયમ, ફોસ્ફરસ, વિટામીન બી જેવા તત્વો હોય છે જે માથાના દુખાવામાંથી તમને છૂટકારો અપાવે છે.

# મીઠો લીમડો ખાવાથી છે ચામડી-વાળને પણ ફાયદા



કાઠિયાવાડની ઘણી ચીજો વખણાય એમાં પણ ખાસ કરીને કઢી. પહેનાંના જમાનામાં કઢી માટીના વાસણમાં બનાવવામાં આવતી. માટીના વાસણમાં બનેલી કઢીનો સ્વાદ કંઈક અલગ જ હોય છે. માટીના વાસણમાં બનેલાં દાળ-શાક આરોગ્ય માટે સારાં છે એવું વિજ્ઞાને પણ પુરવાર કર્યું છે. કઢીને વધારે સ્વાદિષ્ટ બનાવવા તેની સોડમ વધારવા માટે મીઠા લીમડાના પાનનો ઉપયોગ કરવામાં આવે છે. અને ભારતમાં લગભગ ઘણાં ઘરના આંગણામાં મીઠો લીમડો વાવવામાં આવે છે. પેટની સમસ્યાઓ અને ડાયાબિટીસમાં પણ તે ઉપયોગી : તેમાંના આલ્કલોઈડ તત્વો ચરબીનું વિઘટન કરે છે. મીઠા લીમડાનાં તાજાં પાંદડાં અને જરૂર પુરતી હળદર મેળવી પાણી નાખીને લસોટી નાખવું. પેસ્ટ-લુગદી બની જાય એટલે ફોકસ પર લગાડવું. આ લેપ દિવસ દરમિયાન લગાવવો. રાત્રે નહીં. તેનાથી ખીલ, કાળા ડાઘ, ફોડલીઓ, સનબર્ન વગેરેમાં ફાયદો થાય છે. મીઠા લીમડાને પાણીમાં લસોટી તેનો રસ કાઢવો. લગભગ 100ml જેટલો રસ નીકળે એટલે તેમાં દેશી કોપરેલ (જે ખાવામાટે વપરાય છે) તેમાં ઉમેરવું. ૨૫ ગ્રામ જેટલી લીમડાનાં પાનની પેસ્ટ(લુગદી) બનાવવી આ પેસ્ટને પણ તેલ ઉકાળતી વખતે નાખવી. બધો રસ બળી જાય ત્યારે તેલ બરાબર પાકી ગયું છે કે નહીં તેનું પરીક્ષણ કરવું. ઉકાળતા તેલમાંથી ચમચા વડે પેસ્ટને બહાર કાઢવી. આ પેસ્ટ ઠંડી થાય ત્યારે હથેળીમાં કે આંગળીઓ પર ચીટકી ન જાય તો માનવું કે હજી તેલમાં પાણીનો ભાગ છે. આવું લાગે ત્યારે તેલને વધારે વાર ઉકાળી ફરી પરીક્ષણ કરવું. તેલ બરાબર પાકી જાય પછી ઠંડુ પાડી ગાળી બોટલમાં ભરી રાખવું. આ તૈયાર થયેલું તેલ માથાના વાળની સેંથીએ સેંથીએ ઘસીને માલિશ કરવું. આ મીઠા લીમડાના તેલનો ઉપયોગ કરવાની વાળનો જથ્થો વધે છે. ખરતા વાળ અટકે છે. અવિકસિત વાળનો વિકાસ થાય છે. વાળનો કુદરતી રંગ જાળવવામાં મદદરૂપ થાય છે. મીઠા લીમડામાં ઘણાં ઔષધીય ગુણો રહેલાં છે.

**BOLLYWOOD NEWS FLASH**

# વાણી અને અપારશક્તિએ 'બદતમીઝ ગીલ' શરૂ કરી



## આ પહેલાં તે આયુષ્યમાન સાથે 'ચંદીગઢ કરે આશિકી'માં એક રોલમાં જોવા મળી હતી

અપારશક્તિ ખુરાના ચુનંદા પ્રોજેક્ટ પર જ કામ કરવા માટે જાણીતો છે, ત્યારે હવે તેણે વાણી કપૂર, પરેશ રાવલ અને શીબા છાબડા સાથે કોમેડી ડ્રામા 'બદતમીઝ ગીલ'નું શૂટીંગ શરૂ કર્યું છે. ફેન્સને અપારશક્તિ વધુ એક યુનિક રોલમાં જોવા મળશે, જેમાં વિચિત્ર પ્રકારના ગીલ ફેમિલીની સ્ટોરી છે. અપારશક્તિ આ ફિલ્મમાં પરેશ અને શીબાના દીકરાનો રોલ કરી રહ્યો છે, જ્યારે વાણી તેમની દિકરીનો રોલ કરશે. નવજોત ગુલાટી દિગ્દર્શિત આ ફિલ્મ બરેલી અને લંડનમાં શૂટ થશે. આ ઉપરાંત અપારશક્તિ ફરી એક વખત હોરર કોમેડી 'સ્ત્રી-૨'માં જોવા મળશે. ત્યાર બાદ તેની 'બર્લિન' આવશે, જેમાં તે એક બહેરા અને મૂંગા સ્પાયની ભૂમિકામાં છે. તેમજ તે એક ડોક્યુમેન્ટ્રી પણ કરી રહ્યો છે, 'ફાઈન્ડિંગ રામ'. જો વાણીની વાત કરીએ તો તે છેલ્લે શમશેરામાં રણબીર કપૂર સાથે દેખાઈ હતી. આ પહેલાં તે આયુષ્યમાન ખુરાના સાથે 'ચંદીગઢ કરે આશિકી'માં એક ટ્રાન્સજેન્ડરના રોલમાં જોવા મળી હતી. 'બદતમીઝ ગીલ' નિક્કી ભગનાની અને વિક્કી ભગનાની, અંકુર તકરાણી અને વિનય અગ્રવાલ તેમજ અક્ષદ ઘોને દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવશે. ત્યારે નિક્કી અને વિક્કીએ વાણી વિશે વાત કરતાં કહ્યું હતું કે, "વાણી અમારી પહેલી અને એક માત્ર ચોઈસ હતી. તે આ રોલ માટે દરેક રીતે પરફેક્ટ છે. આ ફિલ્મમાં તે એક બિલકુલ અલગ ભૂમિકામાં જોવા મળશે. આ રોલ તેને ધ્યાનમાં રાખીને જ લખાયો હતો કારણ કે તેણે માત્ર કૉમેડી જ નહીં પણ દરેક પ્રકારના રોલ કર્યાં છે." આ રોલ માટે વાણીની જ પસંદગી વિશે તેમણે કહ્યું કે,"અમારે એક ગોર્જિયસ, કોન્ફિડન્ટ છોકરી જોઈતી હતી જે પોતાના પરિવાર અને મિત્રો માટે ધમાલ કરી શકે. વાણી રીયલ લાઈફમાં પણ એવી જ છે. અમે તેને મળ્યા ત્યારથી નક્કી હતું કે અમને અમારી લીડ એક્ટર મળી ગઈ છે. તે દર્શકોને પણ એટલી જ મજા કરાવશે." આ ફિલ્મ બાદ વાણી નેટફ્લિક્સ પર એક ક્રાઈમ થ્રિલર સ્ટોરી પર પણ કામ કરી રહી છે.

### સાઉથના પ્રોડક્શન્સને પસંદ કરવાનું વલણ


# પ્રભાસે 'કનપ્પા'નું શૂટિંગ શરૂ કર્યું, અક્ષય કુમાર પણ જોડાશે




પ્રભાસે બોલિવૂડ ફિલ્મોના બદલે સાઉથના પ્રોડક્શન્સને પસંદ કરવાનું વલણ રાખ્યું છે. પ્રભાસની આગામી બિગ બજેટ ફિલ્મ કનપ્પા ચે. સાઉથના સ્ટાર વિષ્ણુ માંચુ આ ફેન્ટસી ડ્રામા બનાવી રહ્યા છે. ફિલ્મનું શૂટિંગ પાછલા કેટલાક દિવસથી ચાલી રહ્યું છે અને તેના સેટ પર પ્રભાસ જોડાયા હોવાની માહિતી વિષ્ણુ માંચુએ આપી છે. થોડા સમયમાં અક્ષય કુમાર પણ ફિલ્મની ટીમ સાથે શૂટિંગ શરૂ કરે તેવી શક્યતા છે. વિષ્ણુ માંચુએ એક્સ હેન્ડલ પર શેર કરેલા ફોટોગ્રાફમાં સેટ પર પ્રભાસના આગમન અંગે વાત કરી હતી. આ ફિલ્મમાં પ્રભાસ અને વિષ્ણુ માંચુ ઉપરાંત અક્ષય કુમાર, શિવા રાજકુમાર, મોહનલાલ સહિત સાઉથ અને બોલિવૂડના અનેક કલાકારો છે. ફિલ્મની સ્ટોરી શિવભક્ત કનપ્પાના જીવન પર આધારિત છે. તેલુગુ સાહિત્યમાં સદીઓથી કનપ્પાની કથા પ્રચલિત છે. વીર કનપ્પાને પ્રારંભિક જીવનમાં ઈશ્વર પ્રત્યે સહેજ પણ શ્રદ્ધા ન હતી. અચાનક આવેલા બદલાવ તેને પરમ શિવભક્ત બનાવે છે. ભગવાન શિવને રીઝવવા માટે તે પોતાની આંખ કાઢીને અર્પણ કરી દે છે. આગામી સમયમાં પ્રભાસની ફિલ્મ કલ્કિ આવી રહી છે. આ ફિલ્મમાં હિન્દુ ધાર્મિક માન્યતામાં કલ્પના ઉમેરવામાં આવી છે. 'કલ્કિ'ની રિલીઝમાં હજુ સમય છે ત્યારે પ્રભાસે 'કનપ્પા'નું શૂટિંગ શરૂ કર્યું છે.

### રાજકુમાર રાવે મુંબઈમાં ત્રણ માળનું મકાન ખરીદ્યું હતું

# રાજકુમાર રાવને રૂ.૪૪ કરોડનું ઘર ખરીદવાની પ્રેરણા શાહરૂખે આપી



**શાહરૂખે પોતાની ક્ષમતા કરતાં વધારે મોંઘું મકાન ખરીદ્યુ હતું**

રાજકુમાર રાવે થોડા સમય પહેલા મુંબઈમાં રૂ.૪૪ કરોડનું ઘર ખરીદ્યુ હતું. આલિશાન મકાન ખરીદવાનો આ નિર્ણય પોતાની ક્ષમતા બહારનો હોવાનું રાજકુમારે સ્વીકાર્યું હતું, પરંતુ શાહરૂખ ખાનથી પ્રેરિત થઈને આ સાહસિક નિર્ણય લીધો હોવાનું રાજકુમાર રાવે જણાવયું હતું. શાહરૂખ ખાનની સલાહ અંગે વાત કરતા રાજકુમારે જણાવ્યુ હતું કે, શાહરૂખે એક બાબત શીખવાડી હતી. બેટા કભી ઘર લેગા ના, તો ઔકાત સે થોડા ઝ્યાદા લેના. ક્યુંકિ ફિર ના ઉપરવાલા ભી દેખતા હૈ ઔર તુ ખુદ ભી ઝ્યાદા મહેનત કરેગા. શાહરૂખની આ સલાહ રાજકુમારના મનમાં ઘર કરી ગઈ હતી અને મકાન ખરીદતી વખતે તેણે સલાહનો અમલ પણ કર્યો હતો. રાજકુમાર રાવે મુંબઈમાં ત્રણ માળનું મકાન ખરીદ્યું હતું. અગાઉ આ મકાન 'મિસ્ટર એન્ડ મિસિસ માહી' કો-સ્ટાર જાન્હવી કપૂરનું હતું. જાન્હવીએ ડિસેમ્બર ૨૦૨૦માં રૂ.૩૯ કરોડમાં આ મકાન ખરીદ્યું હતું. તાજેતરમાં રાજકુમાર રાવે રૂ.૪૪ કરોડમાં આ મકાન ખરીદ્યં છે. રાજકુમાર રાવે જણાવ્યું હતું, મુંબઈ શહેરમાં ઘર લેવાનું સપનું હતું અને તેને પ્રેમથી બનાવ્યું છે. રાજકુમાર-પત્રલેખા ટૂંક સમયમાં નવા ઘરમાં શિફ્ટ થવાના છે. રાજકુમાર રાવને આપેલી સલાહનો અમલ શાહરૂખ ખાને પોતાના જીવનમાં પણ કર્યો હતો. શાહરૂખે મુંબઈમાં સી ફેસિંગ મન્નત બંગલો ખરીદ્યો ત્યારે તેની કિંમત ખૂબ વધારે હતી. શાહરૂખે પોતાની ક્ષમતા કરતાં વધારે મોંઘું મકાન ખરીદ્યુ હતું અને તેના રીનોવેશનમાં પણ જંગી ખર્ચ કર્યો હતો.

# રાજકુમાર રાવે અંધ 'શ્રીકાંત'ની ભૂમિકામાં અજાયબીઓ કરી

**આપણા દેશમાં ઘણા એવા લોકો છે જેઓ અનેક મુશ્કેલીઓનો સામનો કર્યા પછી પોતાના હાથે પોતાનું ભાગ્ય લખી રહ્યા છે**



આપણા દેશમાં ઘણા એવા લોકો છે જેઓ અનેક મુશ્કેલીઓનો સામનો કર્યા પછી પોતાના હાથે પોતાનું ભાગ્ય લખી રહ્યા છે. લોકો તેમના દેખાવ અને ક્ષમતાઓના આધારે સમાજમાં વહેંચાયેલા છે. જો કોઈના શરીરના કોઈ અંગને નુકસાન થાય છે તો તેને સીધી મદદની જરૂર માનવામાં આવે છે. તે પૂછ્યા વિના કે તેને ખરેખર કોઈની જરૂર છે કે નહીં. આપણાથી અલગ દેખાતા લોકોને આપણે હંમેશા આપણા કરતા ઓછા ગણીએ છીએ. તેમના ગુણના નામે, તેઓ તેમને પૂછ્યા વિના મદદ કરે છે, પરંતુ ખરેખર તેમના માટે ક્યારેય આગળ આવતા નથી. રાજકુમાર રાવની ફિલ્મ 'શ્રીકાંત' આવી અને બીજી ઘણી બાબતો દર્શાવે છે. એક છોકરો જે જન્મથી અંધ હતો. પુત્રના જન્મથી તેના પિતા એટલા ખુશ હતા કે તેઓ તેને ખોળામાં લઈને નાચવા લાગ્યા. તેનો ચહેરો પણ જોયા વગર તેના પિતાએ તેનું નામ ક્રિકેટર કૃષ્ણમાચારી શ્રીકાંતના નામ પરથી શ્રીકાંત રાખ્યું હતું. પણ જ્યારે મેં તેનો નિર્દોષ ચહેરો જોયો ત્યારે મને સમજાયું કે આખા ઘરમાં ખુશીની ઉજવણી માત્ર તે જ કેમ કરે છે. સમાજ અને લોકોના મતે બાળકની ઉણપ હતી. તે ભગવાનને પાછું આપવાનું વધુ સારું હતું. જો તેણે આ ન કર્યું હોત તો તેને જીવનમાં ઠોકર ખાતા જોઈને રડવું પડત. જેથી પિતાએ તેના જન્મના એક દિવસ બાદ તેને જીવતો દફનાવવાનો પ્રયાસ કર્યો હતો. પણ તેના નસીબમાં કંઈક બીજું જ લખાયેલું હતું. ભગવાને ભલે શ્રીકાંતને આંખો ન આપી હોય, પણ તેને કોમ્પ્યુટર કરતાં વધુ તીક્ષ્ણ મન ચોક્કસ આપ્યું હતું. તે તેની શાળાના 'સામાન્ય' બાળકો કરતા હોશિયાર હતો. માત્ર આંગળીઓ પર ગણિત કરી શકતા હતા. કારણ કે તે જોઈ શકતો ન હતો, દેખીતી રીતે લોકોએ તેને ગુંડાગીરી કરી. લોકોના ટોણાથી તે હંમેશા ચિડાઈ જતો હતો કે જો તે આંધળો છે તો મોટો થઈને ભીખ માંગશે. પરંતુ આ ટોણો તેમના માટે પ્રેરણાનો સ્ત્રોત પણ બન્યો. તે આ ટોણાથી એટલો પ્રભાવિત થયો કે તેણે શિક્ષણ પ્રણાલી બદલી નાખી અને યુએસમાં અભ્યાસ પણ કર્યો. તેણે પોતાનું ભાગ્ય પોતાના હાથે લખ્યું. આ શ્રીકાંત બોલાની વાર્તા છે, જેનું પાત્ર રાજકુમાર રાવે ફિલ્મ 'શ્રીકાંત'માં ભજવ્યું છે. બાયોપિકને નિર્દેશકે કેટલી પ્રામાણિકતાથી બનાવી છે અને કલાકારોએ તેમાં કેટલું સારું કામ કર્યું છે તેના પરથી જ નક્કી કરી શકાય છે. આ બંને બાબતો ફિલ્મમાં સારી છે. દિગ્દર્શક તુષાર હિરાનંદાનીએ શ્રીકાંતના જીવનની વાર્તાને ખૂબ જ ઈમાનદારી સાથે પડદા પર લાવ્યો છે. તેની લાગણીઓ, બાળપણથી યુવાની સુધીનો તેનો સંઘર્ષ, તેની ખુશી, તેનું દુ:ખ, નિષ્ફળતા સાથે આવતું અભિમાન, તુષારે તેની ફિલ્મમાં બધું જ બતાવ્યું છે. 'શ્રીકાંત' તાજેતરના સમયમાં બનેલી શ્રેષ્ઠ બાયોપિક ફિલ્મોમાંથી એક છે.

# ઝાલોદ સીમાવર્તી બ્રહ્મ સમાજ દ્વારા સોમનાથ મહાદેવ મંદિરે પરશુરામજી ભગવાનનો જન્મોત્સવ ઉજવાયો





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ




। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

બાંસવાડા (રાજ) થી આવેલ વિપ્ર સમાજના ઉપપ્રમુખ કૈલાશજી પારીખ દ્વારા વિપ્ર ફાઉન્ડેશનની રચના કરવામાં આવી તેમાં આજે વિપ્ર ફાઉન્ડેશન તેમજ સીમાવર્તી સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ તરીકે વિજયભાઈ પંડિત તેમજ મહામંત્રી તરીકે પંકજ ભાઈ પંડિતની સર્વનુંમતે નિમણુક કરવામાં આવી.

તારીખ ૧૦-૦૫-૨૦૨૪ શુક્રવારના રોજ સીમાવર્તી બ્રહ્મ સમાજ દ્વારા અખાત્રીજ અને પરશુરામજી ભગવાનના જન્મોત્સવની ઉજવણી સોમનાથ મહાદેવ મંદિર ખાતે કરવામાં આવી હતી. વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર ગણાતા એવા પરશુરામજી ભગવાનને ત્રણ વાતો થી મુખ્યત્વે જાણવામાં આવે છે તેઓએ પિતાની આજ્ઞા માની તેમણે તેમની માતાનું વધ કર્યું હતું, તેમણે ૨૧ વાર ધરતી પરથી દુષ્ટોનો સંહાર કર્યો હતો અને ત્રીજું સીતા માતાના સ્વયંવરમાં તેઓ ભગવાન શ્રી રામ અને લક્ષ્મણની સામે થઈ ગયેલ હતા. ભગવાન પરશુરામજી શસ્ત્ર અને શાસ્ત્રોના મહાન જ્ઞાતા, દુષ્ટોના સંહારક, પરશુ શસ્ત્ર ધારણ કરનાર, ચિરંજીવી, પરાક્રમી તરીકે આજે પણ ઓળખાય છે.

પૃથ્વી પરના ચિરંજીવી અને સાક્ષાત મનાતા દેવતા પરશુરામજીના જન્મોત્સવ નિમિતે ઝાલોદ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા પરશુરામ ભગવાનની પૂજા અર્ચના નગરના દરેક મંદિરના પૂજારી તથા કથા વાચક અને શાસ્ત્રોક્ત વિધિમાં પારંગત એવા ક્રાંતેશભાઈ ભટ્ટ, રાજ જોશી ,પ્રવીણભાઈ જોશી વગેરે દ્વારા સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજા અર્ચના કરવામાં આવી હતી. સંપૂર્ણ પરિસરમાં મંત્રોચ્ચારનો ઉદઘોષ દરેક ભૂદેવ દ્વારા કરવામાં આવતા સંપૂર્ણ વાતાવરણ મંદિર પરિસરમાં પરશુરામમય થઈ ગયું હતું.

ત્યારબાદ સમાજમાં વર્ષ દરમ્યાન મૃત્યુ પામેલ બ્રહ્મ સમાજના વ્યક્તિઓ માટે બે મિનિટનુ મૌન પાળવામાં આવ્યું હતું. સમાજના આગેવાન વિજયભાઈ પંડિત દ્વારા વર્ષ દરમ્યાન સમાજમા થયેલ ખર્ચ અને કાર્યો અંગે ઉપસ્થિત લોકોને જાણકારી આપી હતી. આજની મીટિંગમાં રાજસ્થાન બાંસવાડા વિપ્ર ફાઉન્ડેશનના ઉપપ્રમુખ કૈલાશજી પારીખ દ્વારા ઝાલોદ સમાજ માટે વિપ્ર ફાઉન્ડેશન બનાવવા પ્રસ્તાવ મૂક્યો હતો અને ઉપસ્થિત સૌ લોકોએ આ પ્રસ્તાવને વધાવી લીધો હતો. આ પ્રસ્તાવને વધાવી બ્રહ્મ સમાજના ઉપસ્થિત સૌ લોકોની સંમતિ થી વિજયભાઈ પંડિતને સમાજના પ્રમુખ બનાવવામાં આવ્યા હતા તેમજ પંકજભાઈ પંડિતને મંત્રી બનાવવામાં આવ્યા અને તેમના હાથ મજબૂત કરવા ૧૪ સભ્યોની કારોબારીની પણ તુરંત રચના કરવામાં આવી હતી. સમાજની નવી કારોબારી સમિતિ સમસ્ત બ્રહ્મ સમાજના સભ્યોની સહમતી થી બનાવી હતી. આગામી દિવસોમાં બ્રહ્મ સમાજ દ્વારા સમાજના વિકાસ માટે વિવિધ લક્ષ નિર્ધારિત કરવામાં આવ્યા અને આ કાર્ય સફળ કરવા માટે ચોક્કસ નિર્ધાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. સીમાવર્તી બ્રહ્મ સમાજ તથા વિપ્ર ફાઉન્ડેશનના નવા બનેલ પ્રમુખ વિજયભાઈ પંડિત નગરમાં થતા દરેક સામાજિક કાર્યોમાં આગળ રહી સારી કામગીરી કરી પોતાની કુનેહ થી સફળ બનાવતા આવેલ છે સાથે સાથે તેઓ જેઓ એક દેશની અગ્રણી સંસ્થામાં સીનીયર પ્રોગ્રામ ઓફીસર તરીકે સેવા આપી રહ્યા છે તેથી તેમની આગેવાનીમા સમાજને ચોક્કસ નવી દિશા મળશે સાથે તેમના હાથ મજબૂત કરવા સામાજિક કાર્યો થી જોડાયેલ પંકજ પંડિતને મંત્રી બનાવવામાં આવેલ હતા.

સીમાવર્તી બ્રહ્મ સમાજ તથા વિપ્ર ફાઉન્ડેશનના પ્રમુખ દ્વારા સમાજને લગતા તેમજ સમાજના ઉત્થાન માટે કોઈ પણ કામગીરી સૌ સાથે મળી સમાજને નવી દિશા આપવાનો પ્રયત્ન કરવાની ખાત્રી આપી હતી. ઝાલોદ સીમાવર્તી બ્રહ્મ સમાજ રાજસ્થાન અને ઝાલોદમાં રહેતા મોટી સંખ્યામાં ઉપસ્થિત સહુ ભૂદેવોએ છેલ્લે ભાગવાન પરશુરામજીની મહાઆરતી કરી છેલ્લે મહાપ્રસાદ સમાજના ઉપસ્થિત સૌ લોકોએ સાથે મળીને લીધો હતો.

# કડાણા ગામે પરશુરામ જયંતિની ઉજવણી



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની




। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૧ ।

કડાણા ગામે ગત વર્ષની જેમ આ વર્ષે પણ બ્રહ્મ સમાજ દ્વારા શ્રી વિષ્ણુ ભગવાનના છઠ્ઠા અવતાર એવા શ્રી પરશુરામ દાદા ના જન્મોત્સવ ની શોભાયાત્રા નું આયોજન કરવામાં આવેલ હતું. સવારે ૮:૦૦ કલાકે એકલિંગજી મહાદેવ મંદિરે સમૂહ આરતી બાદ બ્રાહ્મણવાડા માંથી પ્રસ્થાન કરાયું હતું ભામાશાહો શ્રી ભરતભાઈ શ્રી યશવંતભાઈ શ્રી જયેશભાઈ શ્રી કેતનભાઈ શ્રી કમલેશભાઈ શ્રી પ્રકાશભાઈ શ્રી ભદ્રેશભાઈ શ્રી માનવેન્દ્રભાઈ શ્રી શૈલેષભાઈ શ્રી વસંતભાઈ શ્રી દિપકભાઈ શ્રી દિલીપભાઈ તેમજ મહિલા કાર્યકર્તાઓ બહેનો શ્રી ગીતાબેન શ્રી આશાબેન શ્રી પૂર્ણિમાબેન શ્રી નિમિષાબેન શ્રી મનીષાબેન શ્રી નીતાબેન શ્રી ભાનુબેન શ્રી પ્રેમલત્તાબેન વગેરે એ ભાવપૂર્ણ રીતે ઉજવણી કરેલ હતી. ઉજવણી મહોત્સવ ૧૨-૦૦કલાકે પૂર્ણ થયા બાદ સૌ ભોજન પ્રસાદી લઈ પાવન બન્યા હતા.

# જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી દ્વારા સેલોત દિવ્યેશકુમાર ને અભિનંદન પાઠવ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।



સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ન્યુ પાર્થ એકલવ્ય - નવોદય તાલીમ વર્ગ કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય - એકલવ્ય પ્રવેશ પરીક્ષાની તૈયારી કરાવવામાં આવે છે સાથે સાથે અનાથ, અપંગ અને અતિગરિબ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ-ના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ એકલવ્ય - નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા ગામ ચમારિયાના રહીશ સેલોત કિરણભાઈ અને નિકિતાબેનના પુત્ર સેલોત દિવ્યેશકુમાર કિરણભાઈ એકલવ્ય મોડેલ રેસી. સ્કૂલ શામળાજી -૨ માં ધોરણ ૧૦ માં ૮૭.૧૭પરસાઈન્ટલ સાથે ઉતીર્ણ થતાં સમાજ, ગામનું, માતાપિતાનું અને શાળાનું ગૌરવ વધાર્યું છે ત્યારે ન્યુ પાર્થ એજ્યુકેશન ગ્રુપ સંજેલી દ્વારા સંગાડા અશ્વિનભાઈ, રાજુભાઈ મકવાણા એ ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. ઉતરોતર પ્રગતિ કરતા રહો એવા શુભ આશિષ આપવામાં આવ્યા હતા.

# લીમપુર ગામે ૧૧ મો પાટોત્સવ

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૧૧ ।



કડાણા તાલુકાના લીમપુર ગામે વૈશાખ સુદ ત્રીજના દિવસે દર વર્ષની જેમ આ વર્ષે પણ હરસિધ્ધેશ્વર મહાદેવ ભોળાનાથ ના મંદિર પરિસરમાં ગ્રામજનો દ્વારા ૧૧ માં પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે શ્રી પ્રદીપભાઈ કે.પટેલ દ્વારા દ્વિદિવસીય રામદેવ ની મંડળીનું આયોજન પણ કરવામાં આવેલ હતું ગામના યુવા વર્ગ વડીલ વર્ગ તેમજ મહિલા મંડળ દ્વારા પાટોત્સવનું આયોજન કરવામાં આવેલ હતું શાસ્ત્રી શ્રી ભરતભાઈ, શ્રી યશવંતભાઈ, શ્રી વિપુલભાઈ તેમજ શ્રી કર્ણભાઈ દ્વારા પૂજન અર્ચન કરવામાં આવેલ હતું. સાંજે શ્રી ડાહ્યાભાઈ દ્વારા ભોજન પ્રસાદીનું આયોજન કરાયું હતું. આવેલ સૌ કોઈ ભક્તજનોએ દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# ઝાલોદ વિશ્વકર્મા મંદિરનો ૪૭ મો પાટોત્સવ પંચાલ સમાજ દ્વારા ઉજવવામાં આવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ઝાલોદ નગરમાં સ્થાપિત બ્રહ્માજીનુ મંદિર એટલે કે પૃથ્વીના સર્જનહાર એવા વિશ્વકર્મા ભગવાનના મંદિરની સ્થાપના ૧૯૭૭ મા પંચાલ સમાજ દ્વારા કરવામાં આવી હતી. આ મંદિરને ૪૭ વર્ષ પૂરા થતા તેમજ ૪૮ મા વર્ષમા પ્રવેશ કરતા પંચાલ સમાજ દ્વારા વિવિધ ધાર્મિક પ્રોગ્રામ રાખવામાં આવ્યા હતા. આ પ્રોગ્રામમાં મુખ્યત્વે સમાજના સૌ લોકો સાથે મળી પૂજા અર્ચના કરી કીર્તન કરવાના આવ્યું હતું. કીર્તન કર્યા બાદ સમાજના સૌ ભેગા મળી વિશ્વકર્મા ભગવાનની મહાઆરતી કરવામાં આવી હતી. આ મહાઆરતી નિમિતે પંચાલ સમાજની બહેનો દ્વારા ઘરે થી થાળી સજાવી લાવી મહાઆરતી કરવામાં આવી હતી. આ સમગ્ર પ્રોગ્રામમાં સમસ્ત પંચાલ સમાજના લોકો જોડાયા હતા. આ પ્રોગ્રામનુ આયોજન વિશ્વકર્મા મંદિર આયોજન સમિતિ, પંચાલ યુવક મંડળ, પંચાલ મહિલા મંડળ દ્વારા કરવામાં આવેલ હતું.

# અર્ચના વિદ્યા નિકેતન શાળાના વિદ્યાર્થીઓએ મેળવ્યા A1 ગ્રેડ

। (પ્રતિનિધી) સુરત, તા.૧૧ ।




વરાછા કમલ પાર્ક સ્થિત અર્ચના વિદ્યાનિકેતન શાળાના વિદ્યાર્થી ઓ એ યોગ્ય માર્ગદર્શન અને આયોજન પૂર્વકની મહેનતને કારણે એ વન ગ્રેડ મેળવેલ છે વાલીશ્રી નો સહકાર શિક્ષકો નું યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની ખંત પૂર્વકની મહેનત આજે ખરેખર વિદ્યાર્થીઓનો રીઝલ્ટ શ્રેષ્ઠ મેળવવા માટે જવાબદાર સાબિત થઈ છે.. આ તકે શાળાના ટ્રસ્ટી શ્રી ડૉ. ધીરુભાઈ પરડવા આચાર્ય શ્રી ડૉ. રજિતા બેન તુમ્મા તેમજ શાળાના નિયામક શ્રી ડૉ. ચંદુભાઈ ભાલીયા એ વિદ્યાર્થીઓને અભિનંદન આપીને પ્રોત્સાહિત કર્યા હતા. રીઝલ્ટ પરથી એ તો ચોક્કસ કહી શકાય કે અભ્યાસ માટે સુવિધા નહીં પરંતુ યોગ્ય માર્ગદર્શન અને વિદ્યાર્થીની મહેનત જ રીઝલ્ટ લઈ આવી શકે છે.

# પેથાપુરમાં ભાગવત કથાના પ્રારંભે ૨૫૧ કળશ તેમજ પોથીયાત્રા કાઢવામાં આવી


। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।



શ્રીમદ્ ભાગવત કથા પેથાપુરમાં તારીખ ૧૦ મે થી ૧૬ મે સુધી યોજવામાં આવી રહી છે જે કથા શ્રી વિષ્ણુજી મહારાજના મુખેથી સાંભળવા આસપાસના ગામના ભક્તજનો આવેલ જેના પ્રથમ દિવસે પેથાપુરમાં બગી ઉપર પોથી યાત્રા તેમજ ૨૫૧ જેટલા કળશ યાત્રા કાઢવામાં આવેલ. ૨૫૧ જેટલી મહિલાઓ દ્વારા ૨૫૧ કળશ ધારણ કરીને ઉઘાડા પગે ધગધગતી ગરમીમાં પણ ભક્તિમય માહોલમાં યાત્રા યોજેલ જેમના ઉપર સમગ્ર ગ્રામજન દ્વારા લલ્લજાજમ પાથરતા અને પુષ્પવર્ષા ધામધૂમ પૂર્વક યોજવામાં આવેલ. કળશ યાત્રામાં નન્હે રાધા કૃષ્ણ આકર્ષણનું કેન્દ્ર રહેલ

સંગીતમય કથાના પ્રથમ દિવસના પ્રારંભે કથા વ્યાસ શ્રી વિષ્ણુજી મહારાજ દ્વારા કથાના પ્રારંભે કથા સાંભળવાથી થતાં લાભ ભક્તજનોને સમજણ આપેલ. કથાકાર આચાર્યને પેથાપુર પંચાલ સમાજ દ્વારા ફૂલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવેલ તેમજ પ્રજાપતિ સમાજ,નાયક લબાના સમાજ તેમજ આસપાસના ગામોમાંથી આવેલ સમાજ દ્વારા આચાર્યશ્રીનું સ્વાગત કરવામાં આવેલ કથાના પ્રથમ દિવસે મોટી સંખ્યામાં શ્રોતાજન, મહિલાઓ, નાના બાળકો હજાર રહી પ્રથમ દિવસે કથાનો લાભ લીધેલ.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે તમારી નફરતને મારવા માટે સૌહાર્દપૂર્ણ સ્વભાવ કેળવો કેમ કે તે પ્રેમ કરતાં વધુ બળવાન છે અને તેની તમારા શરીર પર વ્યાપક અસર થાય છે. યાદ રાખો બૂરાઈનો વહેલો મોડો અંત થાય જ છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો અને આ હુનર ને શીખી તમે પોતાનું ધન બચાવી શકો છો. તમારા સામાજિક જીવનની ઉપેક્ષા કરતા નહીં.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે તમારે શાંતિથી બેસવાની અને આરામ કરવાની- તથા શોખમાં ઓતપ્રોત થવાની તથા તમને જે કરવું ગમે છે તે કરવાની જરૂર છે. તમે જો રૂઢિગત રીતે રોકાણ કરશો તો તમે સારૂં એવું ધન કમાઈ શકશો. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે.



**કર્ક (ડ,હ) :**

આજે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો। મિત્રોનો સાથ રાહત આપશે. પ્રેમનું સંગીત એને જ સંભળાય છે જેઓ તેમાં સતત ખોવાયેલા રહે છે. આજે તમને આ સંગીત સાંભળવા મળશે, જે તમને વિશ્વના તમામ ગીતો ભુલાવી દેશે.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમે માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે ધાર્મિક પ્રવૃત્તિમાં સાંકળો. તમારા ભાઈ બહેનો માં થી આજે કોઈ તમારી જોડે પૈસા ઉધાર માંગી શકે છે, તમે તેમને પૈસા આપી તો દેશો પરંતુ આના થી તમારા આર્થિક હાલત ખરાબ થયી શકે છે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે. રૉમેન્ટિક મેળાપ ખૂબ જ આકર્ષક જણાય છે પણ તે લાંબું નહીં ટકે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. મિત્રો, ધંધાકીય સાથીઓ તથા સંબંધીઓ સાથે કામ કરતા હો ત્યારે તમારા હિતોનું રક્ષણ કરો- કેમ કે તેઓ તમારી જરૂરિયાતો પ્રત્યે વિચારશીલ નહીં હોય. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.



**તુલા (ર,ત) :**

આજે લાંબા ગાળાની બીમારીમાંથી તમે સાજા થશો. પણ સ્વાર્થી તથા ઝટ ગુસ્સે થઈ જાય એવી વ્યક્તિને ટાળજો કેમ કે એ તમારી તાણ વધારી શકે છે-જ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ। તમારી નિકટનું કોઈક આજે અંદાજ ન લગાડી શકાય એવા મિજાજમાં હશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજે તમારી ઈચ્છાઓ પૂરી કરવા માટે અંગત સંબંધોનો દુરૂપયોગ તમારી પત્નીને ગુસ્સો અપાવી શકે છે. આજે તમારું કોઈ નજીકના વ્યક્તિ જોડે ઝગડો પણ થઈ શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. ઘરના કામો તમને મોટા ભાગના સમયે વ્યસ્ત રાખે છે. આજ નો દિવસ પ્રેમ ના રંગો માં ડૂબી જશે, પરંતુ રાત્રિ દરમિયાન તમે કોઈ જૂની બાબતે ઝઘડો કરી શકો છો.



**ધન (ભ,ધ,ફ) :**

આજે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી શકે છે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. જે લોકો પરિણીત છે તે લોકો ને આજે પોતાના બાળકો પર ઘણું બધું ધન ખર્ચવું પડી શકે છે. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે.



**મકર (ખ,જ) :**

આજે તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દૃઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે. આનંદ-પ્રમોદ તથા મનોરંજન માટે સારો દિવસ.



**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. પરિવારના સભ્યો તરફથી મળેલી સારી સલાહ તમારી માટે આજે લાભ થશે. આજે તમારૂં પ્રિયપાત્ર તમારા અનિશ્ચિત વર્તન સાથે પનારો પાડવામાં ખૂબ જ મુશ્કેલી અનુભવશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે.













ખાણ મંત્રાલયના સચિવ શ્રી વી.એલ. કાંથા રાવ નવી દિલ્હીમાં ખાનીજ બિદેશ ઈન્ડિયા લિમિટેડ (કાબિલ)ના રજિસ્ટર્ડ ઓફિસનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પ્રસંગે તેમણે મીડિયા સાથે પણ વાતચીત કરી હતી.

## દિલ્હીના જાફરાબાદ વિસ્તારમાં શખ્સની ગોળી મારી હત્યા કરાઈ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ઉત્તર પૂર્વ દિલ્હીના જાફરાબાદ વિસ્તારમાં એક વ્યક્તિની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. મૃતક એક મહિના પહેલા જ જેલમાંથી બહાર આવ્યો હોવાનું સામે આવ્યું છે. ઉત્તર પૂર્વ દિલ્હીના આ વિસ્તારમાં હત્યાઓ થઈ રહી છે. નાઝીમ વિરુદ્ધ દિલ્હી અને યુપીમાં હત્યા, લૂંટ અને એનડીપીએસ એક્ટ સહિત ૪ ગુનાહિત કેસ નોંધાયેલા છે. તે લૂંટના કેસમાં દોષિત ઠર્યો હતો અને લગભગ એક મહિના પહેલા પેરોલ પર બહાર આવ્યો હતો. આ ઘટના શુક્રવારે સાંજે લગભગ ૭.૩૦ વાગ્યે બની હતી. નાઝીમને શેરી નંબર ૬, ચૌહાણ બાંગર, જાફરાબાદમાં ૩ છોકરાઓએ ઘણી વખત ગોળી મારી હતી, તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું.આ મામલે તપાસ ચાલી રહી છે. ક્રાઈમ ટીમ અને એફએસએલની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. વિસ્તારના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. ગુનેગારોની ઓળખ અને ધરપકડના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.પોલીસે જણાવ્યું કે શુક્રવારે સાંજે ઉત્તરપૂર્વ દિલ્હીના જાફરાબાદ વિસ્તારમાં પેરોલ પર રહેલા ૩૪ વર્ષીય વ્યક્તિની ત્રણ લોકોએ ગોળી મારીને હત્યા કરી દીધી હતી. આ ઘટના સાંજે ૭.૩૦ કલાકે બની હતી. જ્યારે જાફરાબાદમાં રહેતો નાઝીમ તેના ઘર પાસે ઉભો હતો. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઉત્તર-પૂર્વ) જોય તિકીએ જણાવ્યું હતું કે નાઝીમ વિરુદ્ધ દિલ્હી અને ઉત્તર પ્રદેશમાં હત્યા, લૂંટ અને એનડીપીએસ એક્ટ હેઠળ ચાર ગુનાહિત કેસ નોંધાયેલા છે.તિકીએ જણાવ્યું હતું કે નાઝીમને લૂંટના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તે લગભગ એક મહિના પહેલા પેરોલ પર બહાર આવ્યો હતો. ત્રણ હુમલાખોરો, જેઓ સગીર હોવાની શંકા છે, એક મોટરસાઈકલ પર આવ્યા અને નાઝીમને ઘણી વખત ગોળી મારી, જેમાં તેનું ઘટનાસ્થળે જ મોત થયું. અધિકારીએ કહ્યું કે હત્યા પાછળનું કારણ હજુ જાણી શકાયું નથી.

# ભારતે માલદીવમાંથી તેના તમામ સૈનિકો પાછા ખેંચી લીધા

## રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઈઝુએ દેશમાંથી તમામ ભારતીય સૈનિકોને પાછા ખેંચવા માટે ૧૦ મેની સમયમર્યાદા નક્કી કરી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારત અને માલદીવ વચ્ચેના સંબંધો તંગ બની ગયા હતા જ્યારે ચીન તરફી નેતા ગણાતા મુઈઝુએ ૧૦ મે સુધીમાં દેશમાં ત્રણ સૈન્ય મંચનું સંચાલન કરનાર ભારતીય સૈન્ય કર્મચારીઓને પાછા ખેંચવાનો આગ્રહ કર્યો હતો. ગયા વર્ષે પ્રચાર દરમિયાન રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ હતી, મુઈઝુએ ચૂંટણી વચન આપ્યું હતું કે જો તેમની સરકાર સત્તામાં આવશે તો માલદીવમાં તૈનાત લગભગ ૯૦ ભારતીય સૈન્ય કર્મચારીઓને ભારત પરત મોકલવામાં આવશે. આ પછી, જ્યારે મુઈઝુ સત્તામાં આવ્યો, ત્યારે માર્ચની શરૂઆતમાં ભારતીય સૈન્ય કર્મચારીઓની પ્રથમ બેચને માલદીવમાંથી પાછી ખેંચી લેવામાં આવી હતી. આ પછી, બીજી બેચ એપ્રિલમાં રવાના થઈ, જેમાં કુલ ૫૧ સૈનિકો હતા. અહીંના મીડિયાએ અહેવાલ આપ્યો છે કે તમામ ભારતીય સૈન્ય કર્મચારીઓ દેશમાંથી પરત ફર્યા હોવા



છતાં, માલેએ અંતિમ આંકડો જાહેર કર્યો નથી. રાષ્ટ્રપતિ કાર્યાલયના મુખ્ય પ્રવક્તા હીના વાલીદે ગુરુવારે એક ન્યૂઝ પોર્ટલને જણાવ્યું કે માલદીવમાં તૈનાત ભારતીય સૈનિકોની છેલ્લી બેચને પરત મોકલી દેવામાં આવી છે. ભારતીય સૈન્ય કર્મચારીઓને માલદીવમાં ભારત દ્વારા અગાઉ ભેટમાં આપેલા બે હેલિકોપ્ટર અને ડોર્નિયર એરક્રાફ્ટના સંચાલન અને જાળવણી માટે તૈનાત કરવામાં આવ્યા હતા. માલદીવની સરકારી ન્યૂઝ ચેનલના અહેવાલ મુજબ, તેમની તૈનાતી દરમિયાન, આ સૈનિકો ભારત દ્વારા ભેટમાં આપેલા બે હેલિકોપ્ટર અને ડોર્નિયર એરક્રાફ્ટના સંચાલન અને જાળવણી માટે જવાબદાર હતા.સોમવારે માલદીવ સરકારે જાહેરાત કરી કે આમાંથી ૫૧ સૈનિકોને બે બેચમાં ભારત પરત મોકલવામાં આવ્યા છે. સરકારે સત્તાવાર દસ્તાવેજોને ટાંકીને અગાઉ માલદીવમાં ૮૯ ભારતીય સૈનિકોની હાજરી વિશે માહિતી આપી હતી. ભારત-માલદીવની ઉચ્ચ સ્તરીય કોર ગ્રુપ મીટિંગના ચાર રાઉન્ડ પછી, ભારત અને માલદીવ ૧૦ મે પહેલા બાકીના ભારતીય સૈનિકોને પાછા ખેંચવા માટે સંમત થયા હતા. છેલ્લી બેઠક ૩ મેના રોજ નવી દિલ્હીમાં યોજાઈ હતી.વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે ગુરુવારે પત્રકારોને જણાવ્યું હતું કે ભારતીય કર્મચારીઓની પ્રથમ અને બીજી બેચ ભારત પરત આવી છે અને ત્રણ ભારતીય ઉડ્ડયન પ્લેટફોર્મના સંચાલન માટે 'ભારતીય તકનીકી કર્મચારીઓને હવે નિયુક્ત કરવામાં આવ્યા છે'. માલદીવના વિદેશ મંત્રી મુસા જામીરની ભારત મુલાકાત દરમિયાન આ ઘટનાક્રમ બન્યો છે. તેઓ ગુરુવારે વિદેશ મંત્રી એસ જયશંકરને મળ્યા હતા.જયશંકરે ઝમીરને કહ્યું કે ભારત-માલદીવ સંબંધોનો વિકાસ ''પરસ્પર હિતો'' અને ''પરસ્પર સંવેદનશીલતા'' પર આધારિત છે. ભારતની તેમની પ્રથમ સત્તાવાર મુલાકાત પહેલા, ઝમીરે માલદીવ સરકારની વિનંતીને પગલે દેશમાંથી ભારતીય સૈનિકોને પાછા ખેંચવામાં તેના સંપૂર્ણ સમર્થન બદલ ભારત સરકારનો આભાર વ્યક્ત કર્યો. મંત્રી ઝમીરે મિહારુ ન્યૂઝને જણાવ્યું હતું કે, 'આ પહેલ બંને દેશો વચ્ચેના મજબૂત સંબંધોને પ્રતિબિંબિત કરે છે અને ખાતરી કરે છે કે બંને દેશો દ્વારા સામનો કરવામાં આવતા કોઈપણ મુદ્દાઓ વાતચીત અને રાજદ્વારી દ્વારા ઉકેલી શકાય છે.'

### લાંબી શોધખોળ બાદ ૬૫ વર્ષની કન્યા મળી...

## અમરાવતીમાં પુત્રોએ તેમના ૮૦ વર્ષના પિતાના લગ્ન કરાવ્યા

### જ્યારે તેણીએ તેના પુત્રોની સામે લગ્નનો આગ્રહ કર્યો, ત્યારે પુત્રોએ તેમના પિતાની જીદ જોઈને કન્યા શોધવાનું શરૂ કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

મહારાષ્ટ્રના અમરાવતી જિલ્લામાં એક અનોખા લગ્ન થયા. અહીં ૮ મેના રોજ મંડપમાં ૮૦ વર્ષના વર અને ૬૫ વર્ષની કન્યાના લગ્નનું આયોજન ખૂબ જ ધામધૂમથી કરવામાં આવ્યું હતું. આ લગ્ન કરાવનારા લોકો બીજું કોઈ નહીં પણ વર અને કન્યાના પુત્ર, પુત્રવધૂ, પૌત્ર અને મિત્રો હતા. વાસ્તવમાં, વૃદ્ધની પત્નીનું નિધન થઈ ગયું હતું, જેના પછી તે એકલતા અનુભવી રહ્યો હતો. પિતાએ લગ્નનો આગ્રહ કર્યો ત્યારે પુત્રોએ કન્યા શોધીને તેના લગ્ન કરાવ્યા.આ મામલો અંજનગાંવ સુરજી તાલુકાના ચિંચોલી રહીમાપુરનો છે. અહીં વરરાજાના ૫૦ વર્ષના પુત્રએ પણ ૮૦ વર્ષના વર અને ૬૫ વર્ષની કન્યાના લગ્નમાં હાજરી આપી હતી. પિતાના લગ્નમાં પુત્ર, પુત્રી અને પરિવારે જોરશોરથી ડાન્સ કર્યો હતો.વાસ્તવમાં અંજનગાંવ સુરજી તાલુકાના ચિંચોલી રહીમાપુરમાં રહેતા ૮૦ વર્ષીય વિઠ્ઠલ ખંડારેની પત્નીનું ત્રણ વર્ષ પહેલા અવસાન થયું હતું.

વિઠ્ઠલ ખંડારેના પરિવારમાં ચાર પુત્ર, પુત્રી અને પૌત્ર-પૌત્રી છે. ૮૦ વર્ષની વયે વિઠ્ઠલ તેમની પત્નીની ગેરહાજરીને કારણે એકલતા અનુભવતા હતા. વિઠ્ઠલે તેના બાળકોને કહ્યું કે તે લગ્ન કરવા માંગે છે.શરૂઆતમાં બાળકોએ તેના નિર્ણયનો વિરોધ કર્યો. જો કે, વિઠ્ઠલ રાવ ખંડારેનો લગ્નનો આગ્રહ જોઈને તેમના પુત્રો પણ સંમત થયા અને તેમના પિતાના લગ્ન માટે તૈયાર થયા. આ પછી તેણે તેના પિતા માટે કન્યા શોધવાનું શરૂ કર્યું.

### રાજધાનીમાં લૂંટ દરમિયાન એક વ્યક્તિની હત્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો

## મોબાઈલ લૂંટના વિરોધમાં યુવકની હત્યા, આરોપીની ધરપકડ કરાઈ

### ડીસીપીએ જણાવ્યું કે આરોપીઓની ઓળખ મેજર (૧૮), રોહિત ઉર્ફે રાયતા (૧૯) અને સૂરજ (૨૦) તરીકે કરવામાં આવી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

રાજધાનીમાં લૂંટ દરમિયાન એક વ્યક્તિની હત્યાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે. મળતી માહિતી મુજબ, રાજધાનીના હર્ષ વિહાર વિસ્તારમાં મોબાઈલ ફોન લૂંટવાનો વિરોધ કરી રહેલા યુવકને બદમાશોએ ચાકુ મારીને મારી નાખ્યો હતો. મૃતકની ઓળખ જગતપાલ (૩૦) તરીકે થઈ છે. પીડિતાનું જીટીબી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે લૂંટ અને હત્યાનો ગુનો નોંધી ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે.પોલીસે શુક્રવારે જણાવ્યું હતું કે ઉત્તર-પૂર્વ દિલ્હીમાં ત્રણ લોકોએ એક વ્યક્તિની ચાકુ મારીને હત્યા



કરી હતી જ્યારે તેણે તેનો મોબાઈલ ફોન છીનવી લેવાનો વિરોધ કર્યો હતો. પોલીસે જણાવ્યું કે આ ઘટના મંગળવાર અને બુધવારની વચ્ચેની રાત્રે બની હતી જ્યારે ફેક્ટરીમાં કામ કરતો જગતપાલ કામ કરીને ઘરે પરત ફરી રહ્યો હતો. એક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, ''તે મિલન ગાર્ડનમાં તેના ઘરની નજીક ગંભીર રીતે ઘાયલ જોવા મળ્યો હતો. સ્થાનિકો તેને હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.''ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ઉત્તરપૂર્વ) જોય તિકીએ જણાવ્યું કે પોલીસ ટીમોએ વિસ્તારના સીસીટીવી ફૂટેજની તપાસ કરી અને આરોપીઓની ધરપકડ કરી. ડીસીપીએ જણાવ્યું કે આરોપીઓની ઓળખ મેજર (૧૮), રોહિત ઉર્ફે રાયતા (૧૯) અને સૂરજ (૨૦) તરીકે કરવામાં આવી છે, જે હર્ષ વિહાર વિસ્તારના રહેવાસી છે. મેજર અને રોહિતની શુક્રવારે ઉત્તર પ્રદેશના શાલીમાર ગાર્ડનમાંથી ધરપકડ કરવામાં આવી હતી. તિકીએ જણાવ્યું કે આ પછી સૂરજની પણ હરિયાણાના સોનીપતથી ધરપકડ કરવામાં આવી હતી.

## અભિનેત્રી કરીના કપૂર ખાનને હાઈકોર્ટે ફટકારી નોટિસ

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

બોલીવુડની બેબો એટલે કે કરીના કપૂર ખાનની મુશ્કેલી ૩ વર્ષ પહેલા લોન્ચ થયેલા પુસ્તકના કારણે વધી છે. કરીના કપૂર ખાન તેની બુકના કારણે સમસ્યામાં ફસાઈ ગઈ છે. કરીના કપૂર ખાને બાળકોના જન્મ પછી એક પુસ્તક લોન્ચ કર્યું હતું. આ પુસ્તકના ટાઈટલને લઈને હવે વિવાદ શરુ થયો છે. આ મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો છે અને હાઈકોર્ટે કરીના કપૂર ખાનને નોટિસ પણ ફટકારી છે. કરીના કપૂર ખાનના પુસ્તકનું નામ કરીના કપૂર ખાન્સ પ્રેગ્નેંસી બાઈબલ છે. આ બુકના નામમાં બાઈબલ શબ્દનો ઉપયોગ કરવા બદલ લોકોએ વિરોધ વ્યક્ત કર્યો છે. આ મામલે એક વકીલે એમપી હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ મામલે હવે કોર્ટે કરીના કપૂર ખાનને નોટિસ ફટકારી છે. અરજીમાં કહેવામાં આવ્યું છે કે બાઈબલ શબ્દનો ઉપયોગ કરી કરીનાએ ઈસાઈ ધર્મના લોકોની ધાર્મિક લાગણી દુભાવી છે. આ મામલે અરજી કરનારાઓએ પુસ્તક પર પ્રતિબંધ મુકી દેવાની માંગ કરી છે.

# દુશ્મનો હવે મુશ્કેલીમાં નથી! ભારતીય સેનાની તાકાત વધશે

## ભારતીય સેના પાકિસ્તાન સરહદ પર દેખરેખ ક્ષમતા વધારવા માટે હર્મેસ-૯૦૦ ડ્રોનનો ઉપયોગ કરવા જઈ રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

ભારતીય સેના પાકિસ્તાન સરહદ પર દેખરેખ ક્ષમતા વધારવા માટે હર્મેસ-૯૦૦ ડ્રોનનો ઉપયોગ કરવા જઈ રહી છે. તેને દ્રષ્ટિ-૧૦ ડ્રોન તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને ૧૮ મેના રોજ હૈદરાબાદમાં સેનાના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવશે. વરિષ્ઠ સંરક્ષણ અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેને અદાણી સંરક્ષણ દ્વારા ભારતીય સેનાને સોંપવામાં આવશે. હવે તેનો ઉપયોગ આતંકવાદીઓને નિશાન બનાવવા માટે કરવામાં આવશે. વાસ્તવમાં, ભારતીય સેનાએ કટોકટીની જોગવાઈઓ હેઠળ પેઢી પાસેથી બે ડ્રોનનો ઓર્ડર આપ્યો છે. આ મુજબ, વિક્રેતાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી સિસ્ટમો ૬૦ ટકાથી વધુ સ્વદેશી હોવી જોઈએ અને આ સંરક્ષણમાં 'મેક ઈન ઈન્ડિયા' હેઠળ હોવી જોઈએ. સૈન્ય અધિકારીઓએ કહ્યું કે ભારતીય સેના આ ડ્રોનને પંજાબના ભટિંડા બેઝ પર તૈનાત કરશે. અહીંથી રણ વિસ્તાર તેમજ



પંજાબના ઉત્તરીય વિસ્તારો સહિત મોટા વિસ્તાર પર નજર રાખી શકાય છે.તમને જણાવી દઈએ કે ભારતીય સેના પહેલાથી જ હેરોન માર્ક ૧ અને માર્ક ૨ ડ્રોનનો ઉપયોગ કરી રહી છે. દરમિયાન, સૈન્ય માટે સરકાર દ્વારા મંજૂર કટોકટીની ખરીદીના છેલ્લા તબક્કા હેઠળ, દૃષ્ટિ-૧૦ એટલે કે હર્મિસ-૯૦૦ ડ્રોન માટે ઓર્ડર આપવામાં આવ્યો છે. તેને અદાણી ડિફેન્સ દ્વારા મેક ઈન ઈન્ડિયા હેઠળ બનાવવામાં આવ્યું છે. અદાણી ડિફેન્સે ડ્રોન ટેક્નોલોજીના ટ્રાન્સફર માટે ઈઝરાયેલની ફર્મ એલ્બિટ સાથે કરાર કર્યો હતો. આ અંતર્ગત અદાણી ડિફેન્સે આ ડ્રોન્સને ૭૦ ટકા સ્વદેશી બનાવ્યા છે.પહેલું હર્મેસ-૯૦૦ આ વર્ષે જાન્યુઆરીમાં ભારતીય નૌકાદળને સોંપવામાં આવ્યું હતું. હવે ભારતીય સેનાને બીજું ડ્રોન મળશે. આ સિવાય ત્રીજું ડ્રોન નેવી અને ચોથું ડ્રોન સેનાને સોંપવામાં આવશે.ભારતીય સેનાએ ઈઝરાયેલ પાસેથી વધુ સેટેલાઈટ કોમ્યુનિકેશન સક્ષમ ડ્રોન ખરીદવાનો પણ નિર્ણય કર્યો છે. તેની પાસે કેટલાક હેરોન માર્ક ૨ ડ્રોન પણ છે જે ઈઝરાયેલી એરક્રાફ્ટ ઈન્ડસ્ટ્રીઝ સાથે સીધો વ્યવહાર કરે છે. તેનો ઉપયોગ પોરબંદરમાં પાકિસ્તાન સાથેની દરિયાઈ સરહદે આવેલા ઊંચા દરિયા પર નજર રાખવા માટે કરવામાં આવશે. તેઓ ૩૦ કલાકથી વધુ સમય સુધી ઉડવાની ક્ષમતા ધરાવે છે અને એક સમયે લગભગ ૨,૦૦૦ કિલોમીટરનું અંતર કાપે છે. આ ડ્રોન ૩૦ થી ૩૬ કલાક સુધી સતત ઉડી શકે છે. તે એક મધ્યમ ઉંચાઈ લાંબી સહનશક્તિ માનવરહિત એરિયલ વ્હીકલ (MALE UAV) છે. તે મહત્તમ ૩૦ હજાર ફૂટની ઊંચાઈ સુધી પહોંચી શકે છે. તેની પાંખોની લંબાઈ ૪૯ ફૂટ છે. વજન લગભગ ૯૭૦ કિલો છે.

### પહેલા માળે રસોડામાં લાશ મળી

## દક્ષિણ દિલ્હીના પોશ વિસ્તારમાં ડોક્ટરની ગળું કાપીને હત્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીના દક્ષિણ પોશ વિસ્તારમાં ૬૩ વર્ષીય ડૉ. યોગેશ ચંદ્ર પોલની હત્યા કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ લૂંટના ઈરાદે આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. ડૉ.યોગેશની લાશ જંગપુરા સી બ્લોકમાં તેમના ઘરના રસોડામાં મળી આવી હતી. મૃતક વ્યવસાયે જનરલ ફિઝિશિયન હતો અને તેની પત્ની ડૉ. નીના પોલ સાથે રહેતો હતો, જેઓ દિલ્હીની સરકારી હોસ્પિટલમાં ડૉક્ટર છે.આશંકા છે કે ત્રણ-ચાર લોકો તેના ઘરે આવ્યા હતા અને લૂંટના કારણે આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. આ સમય દરમિયાન ડૉ.પોલનો પાલતુ કૂતરો રૂમમાં બંધ હતો. શુક્રવારે બપોરે આ ઘટના બની હતી.ઘટનાની માહિતી મળતા જ ઉચ્ચ અધિકારીઓ સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

ઘરના રસોડામાંથી મૃતદેહ મળ્યા બાદ ક્રાઈમ ટીમની સાથે ફોરેન્સિક ટીમને બોલાવવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, રૂમોમાં તોડફોડના કારણે લૂંટફાટના સંકેત મળી રહ્યા છે. આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.શુક્રવારે સાંજે ૬.૫૦ કલાકે લૂંટ અને હત્યાની ઘટના અંગે પોલીસને માહિતી મળી હતી. દક્ષિણ પૂર્વ જિલ્લાના ડીસીપી રાજેશ દેવના જણાવ્યા અનુસાર, હઝરત નિઝામુદ્દીન પોલીસ સ્ટેશનમાં ૭ વાગ્યાની થોડી મિનિટો પહેલા માહિતી મળી હતી કે ૬૩ વર્ષીય ડૉ. યોગેશ ચંદ્રપાલની લાશ જંગપુરા વિસ્તારમાં એક ફ્લેટની અંદર પડી છે.માહિતી મળતા જ દિલ્હી પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ડૉ.પોલના પત્ની ડૉ.નીના પૉલ ત્યાં હાજર હતા. નીના પૌલે પોલીસને જણાવ્યું કે જ્યારે તે દિલ્હી યુનિવર્સિટીમાંથી ઘરે પરત આવી ત્યારે તેણે તેના પતિની લાશ જમીન પર પડેલી અને તેના પર સફેદ ચાદર પાથરી હતી.

ન્યૂઝ બ્રિફ

## આગામી સાત દિવસ રાજ્યના અનેક વિસ્તારમાં વરસાદની વકી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

રાજ્યમાં એક બાજુ ગરમી પરસેવે રેબઝેબ કરી રહી છે, ત્યાં જ બીજી બાજુ વરસાદની પણ આગાહી કરવામાં આવી રહી છે. રાજ્યમાં મે મહિનામાં જ અમુક ભાગોમાં વરસાદ થવાની આગાહી કરવામાં આવી છે. સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતાં ભારે પવન ફૂંકાવવાની અને થંડર સ્ટ્રોમ એક્ટિવિટીની આગાહી પણ કરવામાં આવી છે. હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી ૭ દિવસ દરમિયાન કેવું હવામાન રહેશે અને ક્યાં-ક્યાં વરસાદ પડવાની સંભાવના છે, તે અંગે માહિતી આપવામાં આવી છે. અમદાવાદ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યા અનુસાર, આગામી ૭ દિવસ રાજ્યના અનેક વિસ્તારમાં વરસાદની વકી છે. રામાશ્રય યાદવે જણાવ્યા અનુસાર, આવતીકાલે નર્મદા, છોટાઉદેપુર સહિતમાં વરસાદ પડી શકે છે. જ્યારે આવતીકાલે સુરત, દમણ, વડોદરા સહિતમાં વરસાદની વકી છે.

## મહુવા માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીની આવકમાં થયો વધારો

। (એજન્સી) ભાવનગર, તા.૧૧ ।

હાલ બજારમાં ઓછા પ્રમાણમાં તમામ પ્રકારની કેરી દેખાઇ રહી છે. ભાવનગર જિલ્લામાં કેસર કેરીનું આગમન થયું છે. મહુવા માર્કેટિંગ યાર્ડમાં ૧૧ મેના રોજ કેરીની હરાજી કરવામાં આવી હતી. ભાવનગર જિલ્લામાં કેસર કેરીનો ભાવ એક મણના ૧,૧૦૦ રૂપિયાથી ૩,૦૦૦ રૂપિયા બોલાયો હતો. પ્રતિ એક મણના ૩૦૦ રૂપિયાનો ઘટાડો નોંધાયો હતો. તેમજ કેરીની આવકમાં બે દિવસમાં ૧૫૦ મણનો વધારો થયો છે. કેસર કેરીનો ભાવ ૧,૧૦૦ રૂપિયાથી ૩,૦૦૦ રૂપિયા સુધીનો નોંધાયો હતો. સરેરાશ ભાવ ૨,૧૫૦ રૂપિયા નોંધાયો હતો. યાર્ડમાં ૯૦૦ મણ કેસર કેરીની આવક થઈ હતી. માર્કેટિંગ યાર્ડમાં અથાણાની કેરીની(દેશી) પણ આવક નોંધાઈ હતી, જેના પ્રતિ ૧ મણના નીચા ભાવ ૨૦૦ રૂપિયા સુધીના રહ્યા હતા અને ઊંચા ભાવ ૧,૬૦૦ રૂપિયા સુધીના રહ્યા હતા.

### પુનમે ધો-૧૦માં ૯૯.૭૨ પર્સન્ટાઈલ મેળવ્યા

# પાણીપુરીની લારી ચલાવતા પિતાની પુત્રીએ ૯૭ ટકા મેળવ્યા

### એક રૂમ રસોડાના ભાડાના મકાનમાં રહે છે કુશવાહા પરિવાર, પુનમ પોતાના પિતાને વ્યવસાયમાં કરે છે મદદ

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. આ કહેવતને પાણીપુરીની લારી ચલાવતા પિતાની પુત્રીએ સાર્થક કરી છે. વડોદરાની પૂનમ કુશવાહએ ધોરણ ૧૦ માં ૯૭ ટકા મેળવીને ઝળહળતી સફળતા હાંસલ કરી છે. આજે ધોરણ ૧૦ નુ પરિણામ જાહેર થયું. તેમાં વડોદરાની પૂનમ કુશવાહે ૯૯.૭૨ પર્સન્ટાઈન અને ૯૬ ટકા માર્કસ મેળવ્યા છે.




આમ સામાન્ય લાગતી આ બાબતમાં મહત્વ ની વાત છે કે પૂનમ કુશવાહ પાણીપુરીની લારી ચલાવતા પ્રકાશ શિયારામ કુશવાહની પુત્રી છે અને તેમના પરિવાર માત્ર ૧૦ બાય ૧૦ ની ઓરડીમાં રહે છે. કુશવાહ પરિવારની બીજા નંબરની દીકરી છે. પૂનમનું કહેવું છે કે, પિતાને મદદ કરવાની સાથે આયોજન પૂર્વકનો અભ્યાસ અને શાળામાં કરાવવામાં આવતી તૈયારી સમયસર કરીને તેને આ સફળતા મળી છે. મારે ડોક્ટર બનીને માતાપિતાની મુશ્કેલીઓ (ગરીબી) દૂર કરવી છે અને તેથી જ મહેનત કરી રહી છું. નાનકડી ઓરડીમાં રહીને પાણીપુરીનો ધંધો કરતા પરિવારની દીકરીની આ સફળતાના કારણે આજે પરિવારમાં ખુશીનો માહોલ છે. પૂનમના પિતા પ્રકાશભાઈ કુશવાહાનું કહેવું છે કે તેને ભણવામાં ધગશ છે. જેના કારણે અમે વધુ મહેનત કરીને તેની જરૂરિયાતો પૂરી કરીએ છીએ. સંતાનોને ભણાવવું એ અમારી જવાબદારી છે. પરંતુ તેની સમજણ અને ધગશે આજે સફળતા અપાવી છે. સાથે શાળા સ્ટાફનો સારો સપોર્ટ મળતા પુનમ સફળ થઈ છે.

સામાન્ય રીતે ગરીબ પરિવારના સંતાનોને આર્થિક મુશ્કેલી નડતી હોય છે. જોકે પુનમના માતા પિતા પૂનમને ભણાવવા માટે મહેનત કરી રહ્યાં છે. ત્યારે નારાયણ વિદ્યાલયના સ્ટાફે આ દીકરીના અભ્યાસ માટે ખાસ મહેનત કરી અને દીકરી હોશિયાર હોવાથી ઝળકી ઉઠી છે તેવું શાળા સંચાલકો માની રહ્યા છે.

સફળતા કોઈ સુવિધાની મોહતાજ નથી હોતી, તે બાબતને પુનમ કુશવાહે સાબિત કરી બતાવી છે. મેડિકલમાં અભ્યાસ કરીને સમાજ સેવાની સાથે સાથે માતાપિતાને સુખ સુવિધાવાળું જીવન આપવાનું સપનું પૂનમ કુશવાહા જોઈ રહી છે.

### પટાવાળા અને સેલ્સમેનની દીકરીએ છ૧ ગ્રેડ મેળવ્યો

# ધોરણ ૧૦ના પરિણામમાં ગરીબ ઘરની દીકરીઓએ માર્યું મેદાન

### અમદાવાદની રિયાએ ૯૩ ટકા સાથે A1 ગ્રેડ મેળવ્યો ત્યારે માતાપિતાએ ઈશારાથી દીકરીની ખુશી વ્યક્ત કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ધોરણ ૧૦ બોર્ડની પરીક્ષાનું જાહેર થયું છે. આ વર્ષે ૮૭.૫૬ ટકા પરિણામ આવ્યું છે. ગત વર્ષની સરખામણીએ પરિણામમાં ૧૮ ટકાનો વધારો આવ્યો છે. ગાંધીનગર જિલ્લાનું સૌથી વધુ, જ્યારે પોરબંદર જિલ્લાનું સૌથી નીચું પરિણામ આવ્યું છે. ફરી એકવાર વિદ્યાર્થિનીઓએ બાજી મારી છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન બંછાનીધી પાનીએ કહ્યું કે, આ વર્ષે ધોરણ ૧૦માં છોકરીઓએ મેદાન માર્યું છે. સૌથી વધુ ૮૭.૨૨ ટકા પરિણામ ધરાવતો જિલ્લો ગાંધીનગર બન્યો છે. તો પોરબંદર જિલ્લામાં સૌથી ઓછું ૭૪.૫૭ ટકા પરિણામ આવ્યું છે. બોર્ડના અનેક વિદ્યાર્થીઓએ સંઘર્ષ કરીને સફળતા મેળવી છે. ત્યારે અમદાવાદની રિયાએ ૯૩ ટકા સાથે છ૧ ગ્રેડ મેળવ્યો ત્યારે તેના માતાપિતાની ખુશીનો પાર રહ્યો ન હતો. તેના માતાપિતાએ ઈશારાથી દીકરીની ખુશી વ્યક્ત કરી હતી. કારણ કે, તેના માતાપિતા મૂકબધિર છે. અમદાવાદની રિયાએ અન્ય વિદ્યાર્થીઓ માટે મોટો દાખલો બેસાડ્યો છે. રિયાએ ધોરણ-૧૦માં ૯૩ ટકા સાથે છ૧ ગ્રેડ મેળવ્યો છે. અથાગ પરિશ્રમ સાથે તેનો સંઘર્ષ પણ ખૂબ રહ્યો છે. રિયાના માતા પિતા મૂકબધિર છે. જ્યારે દીકરીનું પરિણામ આવ્યું તો તેના માતાપિતાની ખુશીઓનો પાર ન રહ્યો. મૂકબધિર માતાપિતાએ ઈશારામાં દીકરીની સફળતાને બિરદાવી હતી. રિયાનો સંઘર્ષ ઓછો ન હતો. જ્યાં અન્ય બાળકો સ્કૂલ વાનમાં શાળાએ જાય છે, ત્યાં નરોડા વિસ્તારમાં રહેતી રીયા શાહીબાગમા આવેલી તેની શાળાએ નરોડાથી રોજ AMTS મા મુસાફરી કરીને શાળાએ જતી હતી. આગળ ઝઇછ થઈ માતાપિતાના સપનાઓ પુરા કરવાનું રીયાનું સપનું છે. ધોરણ ૧૦ બોર્ડનું પરિણામ જાહેર થયું છે. વિદ્યાર્થીઓએ મહેનત કરી ઝળહળતું પરિણામ મેળવ્યું છે. અમદાવાદમાં પ્લાસ્ટિકની દુકાનમાં સેલ્સમેન તરીકે કામ કરતા પિતાની દીકરીએ A1 ગ્રેડ મેળવ્યો છે.

### પાવાગઢ દર્શન કરવા જતા ભક્તો માટે સારા સમાચાર

# મહાકાળી માતાજીના મંદિર સુધી રોપ-વેમાં જઈ શકાશે

### હવે રોપ-વે મંદિર સુધી લંબાવવામાં આવશે, દુધિયા તળાવથી નિજ મંદિર સુધીના ૪૪૯ પગથિયા નહિ ચઢવા પડે

। (એજન્સી) પાવાગઢ, તા.૧૧ ।

પાવાગઢ દર્શન કરવા જતા ભક્તો માટે સારા સમાચાર આવ્યા છે. હવે મહાકાળી માતાજીના મંદિર સુધી રોપ-વેમાં જઈ શકાશે. માતાજીના મંદિર સુધી પહોંચવા માટે રોપ-વેને લંબાવવાની મંજૂરી મળી છે. કેન્દ્ર સરકારની મંજૂરી બાદ સ્થાનિક સ્તરેથી મંજૂરની રાહ જોવાઈ રહી છે. હાલ પાવાગઢમાં માત્ર દુધિયા તળાવ સુધી રોપ-વે જાય છે. રોપ-વે બાદ મંદિર સુધી પહોંચવા માટે ૪૪૯ પગથિયા ચડવા પડે છે.

હાલ પાવાગઢ મંદિરમાં માત્ર દુધિયા તળાવ સુધી જ રોપ-વે છે. આવામાં બીમાર, અશક્ત, વૃદ્ધોને નિજ મંદિર સુધી દર્શન કરવા માટે ભારે તકલીફનો સામનો કરવો પડે છે. દૂધિયા તળાવથી નિજ મંદિર સુધી ૪૪૯ પગથિયા છે. આ ૪૪૯ પગથિયા અશકત,વૃધ્ધો અને બિમાર લોકો માટે ચડવા મુશ્કેલ હોવાથી તેઓ રોપ-વે જયાં સુધી જાય છે. ત્યાંથી જ દર્શન કરીને પાછા ફરે છે. જો નિજ મંદિર સુધી રોપ-વે બનશે તો આવા લોકો પણ સરળતાથી દર્શન કરી શકશે. પાવાગઢ મહાકાળી મંદિર સુધી રોપ-વેને લંબાવવાની મંજૂરી મળી ગઈ છે. કેન્દ્ર સરકારની નેશનલ મોન્યુમેન્ટ ઓથોરીટીએ પાવાગઢમાં રોપ-વેને છેક મંદિર સુધી લંબાવવા માટેની મંજૂરી આપી દીધી છે. આ પછી એક જોઈન્ટ મોનીટરીંગ કમિટી બનાવવામાં આવી હતી. આ કમિટીએ સ્થળ તપાસ તાજેતરમા કરી લીધી છે અને રોપ વેને લંબાવવાની મંજૂરી આપી દીધી છે. હવે દુધીયા તળાવથી આગળ છેક મંદિર સુધી રોપ-વે જાય તે માટે બે તબક્કામાં આગામી બે મહિનામાં રૂ. ૧૦૦ કરોડના રોકાણ સાથે કામગીરી હાથ ધરાશે તેવું સુત્રોનું કહેવું છે.

મંદિરની બાજુમાં નવુ સ્ટેશન ઉભું કરવામાં આવશે. જેથી શ્રદ્ધાળુઓ મંદિર સુધી રોપ-વે રાઈડ કરી શકશે. આ નવી રાઈડની એક કેબિનમાં ૮ વ્યક્તિ બેસી શકશે. આવી ૮ કેબિન મૂકાશે. નવા રોપ-વેની કેબિન ઓસ્ટ્રીયા દેશથી મંગાવવામાં આવશે ને તે અત્યંત આધુનિક અને ઓટોમેટિક હશે.



છેલ્લા ૨૦ વર્ષથી નવરંગપુરા પોલીસ સ્ટેશનના ચોરીના ગુનામાં રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાના નાસતા ફરતા આરોપીને અમદાવાદ નિરમા યુનિવર્સીટી પાસેથી ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

### બોર્ડમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો

## જૂનાગઢમાં રહેતી વાચા વ્યાસે ૯૯.૯૯ પર્સન્ટાઈલ મેળવ્યા

। (એજન્સી) જૂનાગઢ, તા.૧૧ ।

આજે ધોરણ ૧૦નું પરિણામ જાહેર થયું છે. જૂનાગઢ જિલ્લામાં ૭૮.૨૬ ટકા પરિણામ આવ્યું છે. અત્યારે જૂનાગઢની આલ્ફા ઈન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતી વાચા વ્યાસ નામની વિદ્યાર્થીનીએ ૯૯.૯૯ પર્સન્ટાઈલ મેળવી બોર્ડમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. હવે તે એન્જિનિયરિંગ ક્ષેત્રમાં આગળ વધવા માંગે છે.

આ અંગે વાચા વ્યાસે જણાવ્યું હતું કે, તે સતત આઠ કલાકનું વાંચન કરતી હતી. આ વખતેની પરીક્ષામાં દરેક પેપર તેને પોતાની મહેનતને લીધે સહેલા લાગ્યા હતા. ફક્ત ગણિત અને વિજ્ઞાનનું પેપર થોડું અઘરું હતું. જો કોઈ વિદ્યાર્થી સફળતાની ચાવી જાણવા માંગે છે, તો તેણે સ્કૂલ દ્વારા જે ભણાવવામાં આવે છે, તેનું વારંવાર પુનરાવર્તન કરવું જોઈએ. વાચા એ પોતાની મહેનત અનુસાર ૯૫ ટકા પરિણામ આવવાની ધારણા કરી હતી. પરંતુ તેને ધાર્યા કરતા ખૂબ સારું પરિણામ મળ્યું છે. આજે પરિણામ જાહેર થતાં વાચા એ ૯૮.૧૬% સાથે બોર્ડમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. વાચાના પિતા જપનભાઈ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, અમે ક્યારેય પણ વાચાને પરિણામ માટે પ્રેશર કર્યું નથી. આજના સમયમાં પોતાના બાળકને અવ્વલ સ્થાને દરેક વાલી જોવા માંગે છે. પરંતુ ક્યારેક બાળકને પરિણામ માટે પ્રેશર આપવું ન જોઈએ. મારી દીકરી જ્યારે ભણતી હતી, ત્યારે તેઓ રમતી હતી. ૯૯ % લાવવા ૬૦ % લાવવા કે, પછી ૭૦ % લાવવા, તે વિદ્યાર્થીની મહેનત ઉપર આધાર રાખે છે. જો બાળકને કોઈપણ પ્રકારનું પરિણામ માટે દબાણ આપવામાં આવે, તો પરિણામ ઘટી શકે છે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨